રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER



Year : 16 | Issue : 243 | Dt. 14-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

ચિપ ક્રાંતિનો શંખનાદ

નવી દિલ્હીના ભારત મંડપમમાં DRDO યોજશે નેક્સ્ટ જેન સેમિકન્ડક્ટર કોન્ક્લેવ

નવી દિલ્હી, તા.૧૩

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ૨૭ થી ૨૯ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન યોજાનાર 'ઇમર્જિંગ સાયન્સ, ટેક્નોલોજી એન્ડ ઇનોવેશન કોન્ક્લેવ'માં DRDO મહત્વની ભૂમિકા ભજવશે. આ કાર્યક્રમમાં DRDO Semiconductor Conclave ૨૦૨૬ હેઠળ સેમિકન્ડક્ટર્સ અને નેક્સ્ટ-જનરેશન ચિપ્સ પર વિશેષ સત્ર યોજી ભારતને ચિપ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની મોટી જાહેરાત કરવામાં આવી છે.

ભારત સરકારના પ્રિન્સિપલ સાયન્ટિફિક એડવાઈઝરના માર્ગદર્શન હેઠળ ૧૨ મંત્રાલયો અને વિભાગો દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ કોન્ક્લેવ 'વિકસિત ભારત એટ ૨૦૪૭' ના વિઝનને સાકાર કરવા તરફનું એક ઐતિહાસિક પગલું છે. નવી દિલ્હીના પ્રખ્યાત ભારત મંડપમ સંકુલમાં ૨૭ થી ૨૯ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન વૈજ્ઞાનિકો, સંશોધકો અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ એક છત નીચે એકત્ર થશે.

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO) આ કોન્ક્લેવમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે દેશની સક્ષમતા અને ભાવિ રણનીતિનું નેતૃત્વ કરશે. વૈશ્વિક સપ્લાય ચેઇનની અનિશ્ચિતતાઓ વચ્ચે ભારત પોતાના સંરક્ષણ તેમજ ઔદ્યોગિક ક્ષેત્ર માટે આત્મનિર્ભર બને તે દિશામાં આ સંમેલન નિર્ણાયક સાબિત થશે.



વિશેષ સત્ર દરમિયાન ગ્લોબલ ઇન્ડસ્ટ્રી, શિક્ષણ જગત અને સ્વદેશી ચિપ ડેવલપમેન્ટ ઇકોસિસ્ટમના ટોચના આગેવાનો વચ્ચે વિસ્તૃત ચર્ચા હાથ ધરાશે. આ સત્રમાં માઇક્રોન ઇન્ડિયાના વીપી અને એમડીનું કીનોટ એડ્રેસ રહેશે, જ્યારે ભારત સેમીના સીઈઓ, નેત્રાસેમીના સીઈઓ અને આઈઆઈટી મદ્રાસના ડાયરેક્ટર પોતાના નિષ્ણાત મંતવ્યો રજૂ કરશે.

આ સત્રમાં પર્પઝ-બિલ્ટ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સિસ્ટમ-ઓન-ચિપ્સ (SoC), સિલિકોન એજ ઇન્ટેલિજન્સ અને આધુનિક માઇક્રોપ્રોસેસર તકનીકો પર ભાર મુકવામાં આવશે. સ્વદેશી સેમિકન્ડક્ટર પ્લેટફોર્મ્સ, ચિપ ડિઝાઇન, એઆઈ કમ્પ્યુટિંગ અને ફેબ્રિકેશન ક્ષેત્રે એક મજબૂત ડોમેસ્ટિક ઇકોસિસ્ટમ સ્થાપિત કરવાનો મુખ્ય હેતુ છે.

સંરક્ષણ સિસ્ટમ્સ માટે ખાસ તૈયાર કરાયેલા અઈ સિસ્ટમ-ઓન-ચિપ્સનું નિર્માણ. માઇક્રોન ઇન્ડિયા, ભારત સેમી, નેત્રાસેમી અને IIT મદ્રાસ વચ્ચે સંયુક્ત સંશોધન. વિદેશી આયાત પર નિર્ભરતા ઘટાડીને ભારતને ગ્લોબલ સેમિકન્ડક્ટર પાવરહાઉસ બનાવવું જેવા મુખ્ય મુદ્દાઓનો સમાવેશ થાય છે. ડીઆરડીઓ એક ભવ્ય આઉટરીચ સ્ટોલ પણ ઊભો કરશે, જ્યાં વિવિધ લેબોરેટરીઓ દ્વારા વિકસાવવામાં આવેલી અદ્યતન સ્વદેશી સંરક્ષણ તકનીકો પ્રદર્શિત કરવામાં આવશે. આ સ્ટોલમાં અત્યાધુનિક કોમ્યુનિકેશન સિસ્ટમ્સ, ક્વોન્ટમ ટેક્નોલોજી પ્રોટોટાઇપ્સ અને ભારે ઠંડી સામે રક્ષણ આપતા એક્સ્ટ્રીમ-કોલ્ડ-વેધર ક્લોથિંગ સામેલ હશે.

આ ઉપરાંત મહિલા સુરક્ષા માટે ખાસ તૈયાર કરાયેલ 'પ્રબલા' ફુલ-બોડી પ્રોટેક્ટર, પેસિવ અને પાવર્ડ એક્સોસ્કેલેટન, પોર્ટેબલ હાઇબ્રિડ એનર્જી મેનેજમેન્ટ સિસ્ટમ્સ, હાઇ-પાવર પલ્સ લેસર ડાયોડ્સ અને સુપરસોનિક સ્પીડ માટે જાણીતી સ્ક્રેમજેટ એન્જિન ટેક્નોલોજીનું પણ પ્રદર્શન કરાશે. આ પ્રદર્શનો ભારતના સ્વદેશી RD ની મજબૂતી દર્શાવશે.

બેંગલુરુ ખાતે ૧૩ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ આયોજિત કર્ટન-રેઝર ઇવેન્ટમાં ડિસ્ટિંગ્વિશ્ડ સાયન્ટિસ્ટ અને ડાયરેક્ટર જનરલ (ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન સિસ્ટમ્સ) ડો. બી. કે. દાસે જણાવ્યું હતું કે આર્થિક સ્પર્ધાત્મકતા, ડિજિટલ સાર્વભૌમત્વ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે નેક્સ્ટ-જેન ચિપ્સ અનિવાર્ય છે. ગ્લોબલ સપ્લાય ચેઇનની અસ્થિરતા અને એક્સપોર્ટ કંટ્રોલ સામે દેશના અર્થતંત્રને બચાવવા સ્વદેશી માઇક્રોઇલેક્ટ્રોનિક્સ અનિવાર્ય જરૂરિયાત છે.

બીજી તરફ ડિસ્ટિંગ્વિશ્ડ સાયન્ટિસ્ટ અને ડાયરેક્ટર જનરલ (ટેકનોલોજી મેનેજમેન્ટ) ડો. અનુપમ શર્માએ ભારપૂર્વક જણાવ્યું કે આધુનિક યુદ્ધકળામાં સેમિકન્ડક્ટર્સ વિના મિલિટરી ઓપરેશન્સ અશક્ય છે. તેમણે ઉમેર્યું કે ભારતમાં સેમિકન્ડક્ટર સંબંધિત સેગમેન્ટનો બિઝનેસ વર્ષ ૨૦૩૫ સુધીમાં વધીને ૨૦૦ બિલિયન ડોલર સુધી પહોંચવાની પ્રબળ ધારણા છે. આ કાર્યક્રમમાં વિવિધ ડિરેક્ટોરેટ અને સંશોધન પ્રયોગશાળાઓના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

નશા વિરોધી અભિયાન ચલાવનાર સામાજિક અગેવાનનો કરુણાંત

પંજાબમાં પરવિંદર સિંહની સરાજાહેર હત્યા

નવી દિલ્હી, તા.૧૩

પંજાબમાં નશાના દુષણ સામે લાંબા સમયથી લડત આપતા એક જાણીતા સામાજિક કાર્યકરની હત્યાએ સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવી છે. મેડિકલ સ્ટોર પર થયેલી સામાન્ય લાગતી પૂછપરછ અચાનક જીવલેણ ઘટનામાં ફેરવાઈ ગઈ. ચોંકાવનારી વાત એ છે કે આખો ઘટનાક્રમ કેમેરામાં કેદ થયો હતો. હવે પોલીસની તપાસમાં જૂની અદાવત સહિતના પાસાં સામે આવી રહ્યા છે.

પંજાબના માનસા (Mansa) જિલ્લામાં ડ્રગ્સ વિરોધી અભિયાન ચલાવતા સામાજિક કાર્યકર પરવિંદર સિંહ ઝોટા (Parvinder Singh Jhota)ની ગોળી મારી હત્યા કરવામાં આવી છે. મંગળવાર, ૧૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ મેડિકલ સ્ટોર માલિક સાથે નશીલી દવાઓના કથિત વેચાણ અંગે થયેલી બોલાચાલી બાદ ફાયરિંગ થયું હતું. ચોંકાવનારી વાત એ છે કે ઘટના સમયે ફેસબુક લાઇવ (Facebook Live) ચાલી રહ્યું હતું અને ગોળીબારની ઘટના કેમેરામાં કેદ થઈ હતી.

અહેવાલો મુજબ, પરવિંદર



સિંહ ઝોટાને એક વ્યક્તિએ મેડિકલ સ્ટોરમાંથી નશીલી દવાઓ ખરીદી હોવાની માહિતી આપી હતી. ત્યારબાદ ઝોટા તે વ્યક્તિ સાથે દુકાને પહોંચ્યા અને માલિકને કથિત ગેરકાયદે વેચાણ અંગે સવાલો પૂછ્યા. આ દરમિયાન મેડિકલ સ્ટોર માલિક અને ઝોટા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આરોપ છે કે દુકાનમાલિકે પિસ્તોલ કાઢીને ગોળીબાર કર્યો હતો.

ઝોટા પોતાના ફેસબુક એકાઉન્ટ પરથી ઘટનાનું લાઇવ પ્રસારણ કરી રહ્યા હતા. લગભગ પાંચ મિનિટના વીડિયોમાં દુકાનમાલિક સાથેનો વિવાદ અને ત્યારબાદનો ગોળીબાર જોવા મળે છે. ગોળી વાગ્યા બાદ ઝોટાને માનસા સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ગોળીબારમાં તેમના ચાર સાથીઓ પણ ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

પરવિંદર સિંહ ઝોટા પંજાબમાં નશાના દુષણ સામે અભિયાન ચલાવતા હતા. તેઓ મેડિકલ સ્ટોર પર નશીલી દવાઓના કથિત ગેરકાયદે વેચાણનો વિરોધ કરતા અને સોશિયલ મીડિયા મારફતે લોકોને જાગૃત કરતા હતા.પોલીસે આ કેસમાં મેડિકલ સ્ટોર માલિક અશ્વની કુમારને મુખ્ય આરોપી તરીકે ઓળખ્યો છે. ઘટના બાદ તે ફરાર થયો હોવાનું પ્રાથમિક અહેવાલોમાં જણાવાયું હતું. ડીઆઈજી હરજીત સિંહના જણાવ્યા અનુસાર, આરોપીને ઝડપી પાડવા પોલીસ ટીમો બનાવવામાં આવી છે. તપાસમાં જૂની અદાવતનો મુદ્દો પણ સામે આવ્યો છે. એક શંકાસ્પદ સહયોગીની ધરપકડ થયાના અહેવાલ છે. આ ઘટનાને પગલે પંજાબમાં નશાના ગેરકાયદે વેપાર અને તેની સામે અવાજ ઉઠાવતા કાર્યકરોની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

UPI ટ્રાન્ઝેક્શન પર દિવાળી સુધી કોઈ ચાર્જ નહીં વસુલાય

MDR વસૂલવાના નિર્ણય મુદ્દે સરકારનો યુ-ટર્ન! : દિવાળી પછી નવી તારીખ અને કયા ટ્રાન્ઝેક્શન આમાં સામેલ થશે તેની સ્પષ્ટતાની રાહ જોવાઈ રહી છે



નવી દિલ્હી તા. ૧૩

વેપારીઓને તહેવારોમાં મોટી રાહત કેન્દ્ર સરકારે તહેવારોની મોસમમાં ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે વેપારીઓને મોટી રાહત આપી છે. ૧૫ ઓક્ટોબરથી ૨,૦૦૦ રૂપિયાથી વધુના UPI ટ્રાન્ઝેક્શન પર લાગુ થનારો ૦.૪૦% મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) ચાર્જ હવે દિવાળી પછી સુધી મુલતવી રાખવામાં આવ્યો છે. છેલ્લી ઘડીએ લેવાયેલા આ નિર્ણયને સરકારના અગાઉના આયોજનમાંથી પીછેહઠ તરીકે જોવામાં આવી રહ્યો છે.

પસંદગીના P2M ટ્રાન્ઝેક્શન પર જ અસર UPI એન્ડ સર્વિસિસ સ્ટિયરિંગ કમિટીએ આ ચાર્જ માત્ર પસંદગીના પર્સન-ટુ-મર્ચન્ટ (P2M) ટ્રાન્ઝેક્શન પર જ દિવાળી બાદ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. P2M ટ્રાન્ઝેક્શન એટલે ગ્રાહક દ્વારા બજારો, દુકાનો અને અન્ય વ્યવસાયોમાં દુકાનદાર કે વેપારીને કરવામાં આવતી ચુકવણી. જોકે, આ જાહેરાત માત્ર પસંદગીના P2M વ્યવહારો પૂરતી હોવાથી, તમામ UPI પેમેન્ટ પર ચાર્જ મુલતવી રખાયો છે તેમ માનવું યોગ્ય નથી.

નક્કી કરાયેલા ૦.૪૦ ટકાના દર મુજબ, જો ૧૦,૦૦૦ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન થાય તો તેના પર ખઉછની ગણતરી ૪૦ રૂપિયા થશે. આ ચાર્જની જવાબદારી કોના પર રહેશે અને તેની શરતો શું હશે, તે સંબંધિત નિયમો પર આધારિત રહેશે. સરકારે નિયત તારીખના માત્ર બે દિવસ પહેલાં આ અમલ પાછળ ઠેલ્યો હોવાથી, હવે દિવાળી પછી નવી તારીખ અને કયા ટ્રાન્ઝેક્શન આમાં સામેલ થશે તેની સ્પષ્ટતાની રાહ જોવાઈ રહી છે.

ભેદી યુવતીના પ્રયાસથી પશ્ચિમ બંગાળના રાજકારણમાં ચકચાર

મમતા બેનર્જી પર ચાકુથી હુમલો

નવી દિલ્હી, તા.૧૩

કોલકાતાના કાલીઘાટ વિસ્તારમાં દુર્ગા પૂજાના કાર્યક્રમ દરમિયાન પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસ (ઝખઈ) ના પ્રમુખ મમતા બેનર્જીની સુરક્ષામાં ગંભીર ચૂકનો મામલો સામે આવ્યો છે. એક યુવતી દ્વારા કથિત રીતે ચાકુ સાથે હુમલો કરવાના પ્રયાસે રાજ્યના રાજકીય અને સુરક્ષા માહોલમાં ખળભળાટ મચાવી દીધો છે.

આજે ૧૩મીએ સાંજે અંદાજે ૬ વાગ્યાની આસપાસ આ ચોંકાવનારી ઘટના બની હતી. પ્રાપ્ત અહેવાલો અનુસાર, મમતા બેનર્જી તેમના કાલીઘાટ સ્થિત નિવાસસ્થાનની નજીક આવેલા દુર્ગા પૂજા પંડાલના ઉદ્ઘાટન સમારોહ માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે એક અજાણી યુવતી અચાનક તેમની અત્યંત નજીક પહોંચી ગઈ હતી.

ઘટના બાદ તૃણમૂલ કોંગ્રેસના નેતાઓએ સુરક્ષા વ્યવસ્થા અને ઘટના પાછળના ઈરાદાઓ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. ઝખઈ ના દાવા મુજબ યુવતીએ મમતા બેનર્જીની સાવ નજીક જઈને તેમની સાથે ગેરવર્તન કર્યું હતું અને તેમની સાડી ખેંચવાનો પણ પ્રયાસ કર્યો હતો. પક્ષના નેતાઓએ અત્યંત ગંભીર આરોપ લગાવતા દાવો કર્યો છે કે હુમલો કરનાર યુવતી પાસેથી ચાકુ પણ મળી આવ્યું છે, જે દર્શાવે છે કે આ એક પૂર્વ આયોજિત અને જીવલેણ હુમલાનો પ્રયાસ હોઈ શકે છે.

પૂર્વ મુખ્યમંત્રી અને પક્ષના અધ્યક્ષ જેવા



વીવીઆઈપી નેતાની આસપાસ હંમેશા પોલીસ અને કમાન્ડોનો કડક સુરક્ષા ઘેરો હોય છે. તેમ છતાં, એક સામાન્ય યુવતી હથિયાર (કથિત રીતે ચાકુ) સાથે તેમની આટલી નજીક કેવી રીતે પહોંચી ગઈ તે એક મોટો પ્રશ્ન છે. આ ઘટનાએ કોલકાતા પોલીસ તંત્ર અને ઇન્ટેલિજન્સ વિભાગની સતર્કતા પર સીધા સવાલો ઊભા કર્યા છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરક્ષાકર્મીઓ અને પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ઘટનાસ્થળેથી જ તે યુવતીને અટકાયતમાં લઈ લીધી છે. જોકે, હુમલાની સંપૂર્ણ વિગતો, યુવતીની ઓળખ, તેનો મૂળ ઈરાદો અને ચાકુ મળવાની વાતની હજુ સુધી પોલીસ તંત્ર દ્વારા સત્તાવાર અને સ્વતંત્ર પુષ્ટિ થવાની બાકી છે. હાલમાં પોલીસ દ્વારા યુવતીની સઘન પૂછપરછ અને સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.

રાહુલ ગાંધીના નિવાસે ઘડાઈ રણનીતિ

'વોટ ચોરી'ના આક્ષેપો સાથે INDIA ગઠબંધનની આરપારની લડાઈ : CECના રાજીનામાની ઉગ્ર માંગ : લોકશાહી-બંધારણ બચાવવા લડત તેજ કરવાનો સંકલ્પ લેવાયો

નવી દિલ્હી, ટા.૧૩

દિલ્હીમાં રાહુલ ગાંધીના નિવાસે INDIA બ્લોકના નેતાઓની 'હાઇ ટી' બેઠક યોજાઈ હતી. જેમાં રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, ખડગે સહિતના દિગ્ગજોએ ભાગ લીધો હતો. બેઠકમાં CEC જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે લોકશાહી અને બંધારણ બચાવવા લડત તેજ કરવાનો સંકલ્પ લેવાયો. નેતાઓએ 'વોટ ચોરી'ના આક્ષેપો સાથે સરકાર સામે આક્રમક રણનીતિ ઘડી હતી.

દિલ્હીમાં વિશેષ ગહન પુનરીક્ષણ (SIR) અને 'વોટ ચોરી'ના વિરોધમાં યોજાયેલા વિશાળ 'માર્ચ ફોર ડેમોક્રેસી' બાદ વિપક્ષી ગઠબંધને સરકાર સામે મોરચો વધુ આક્રમક બનાવ્યો છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના સરકારી નિવાસે મંગળવારે INDIA બ્લોકના સાંસદો, નાગરિક સંગઠનો અને વિદ્યાર્થી નેતાઓ માટે 'હાઇ ટી' બેઠક યોજાઈ હતી, જેમાં મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે આગળની લડત તેજ કરવાનો સંકલ્પ લેવાયો હતો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, ડી. રાજા, સુપ્રિયા સુલે અને સાગરિકા ઘોષ સહિતના દિગ્ગજ નેતાઓએ એકસૂરે બંધારણ અને લોકતંત્ર પરના સંકટ સામે લડાઈ જારી રાખવાની જાહેરાત કરી હતી.

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીના સરકારી નિવાસે મંગળવારે બપોરે એક મહત્ત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. રાહુલ ગાંધીએ કહ્યું કે, 'આજે મેં INDIA ગઠબંધનના નેતાઓ, વિપક્ષી સાંસદો, વિદ્યાર્થી સંગઠનો અને સિવિલ સોસાયટીના સાથીઓને મારા ઘરે ચા પર બોલાવ્યા છે. લોકતંત્રની રક્ષાના આ



પુનઃસ્થાપના. આ દેશમાં લોકશાહી ખતમ થઈ ચૂકી છે. ચૂંટણી વ્યવસ્થા નષ્ટ કરી દેવામાં આવી છે. બંધારણને ફાડીને ફેંકી દેવામાં આવ્યું છે. અમે બધા અને એકતા સાથે અમે એકઠા થયા છીએ, તે જ લડાયક મિજાજ સાથે લડત ચાલુ રહેશે. સુપ્રીમ કોર્ટ, મુખ્ય ન્યાયાધીશ (CJI) અને ન્યાયતંત્ર પ્રત્યે અમને પૂરો આદર છે અને તેઓ પોતાની ભૂમિકા ચોક્કસ ભજવશે તેવી અમને આશા છે. જોકે, અમે રાજકીય લોકો છીએ; કોઈ સંસ્થા પોતાની ભૂમિકા ભજવે કે ન ભજવે, જનતાનો અને અમારો આ રાજકીય વિરોધ જારી રહેશે અને અંતે સત્યનો જ વિજય થશે.'

રાહુલ ગાંધીના નિવાસે મળેલી હાઇ ટી બેઠક બાદ શિવસેના(UBT)ના સાંસદ સંજય રાઉતે જણાવ્યું હતું કે, 'રાહુલજીએ આ બેઠક બોલાવી હતી અને તમામને આમંત્રણ આપ્યું હતું-હાઇ ટી માટે નેતાઓ અને સાંસદો ઉપસ્થિત રહ્યા હતા અને તે ખૂબ જ સારી બેઠક રહી હતી. આગળની રણનીતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી અને ભવિષ્યની દિશા તેમજ દરેકના પોતપોતાના મંતવ્યો અને સૂચનોને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા; જોકે, CEC જ્ઞાનેશ કુમાર, મોદીજી અને શાહજી સામેનો આ ચાલુ સંઘર્ષ આગળ પણ ચાલુ રહેશે, રાષ્ટ્રીય રાજધાનીમાં તેમજ અન્ય સ્થળોએ પણ'

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, 'છેલ્લા ૪ દિવસમાં INDIA ગઠબંધન દ્વારા શરૂ કરાયેલા કાર્યક્રમોની જબરદસ્ત સફળતા તમે બધાએ જોઈ છે. રાહુલ ગાંધીજી અને અન્ય નેતાઓએ લોકોના પ્રશ્નોને અત્યંત ગંભીરતાથી ઉઠાવ્યા છે. આટલી મોટી સંખ્યામાં લોકો બહુ ઓછા પ્રસંગોએ સામે આવે છે. દિલ્હીમાં આ પહેલીવાર બન્યું છે જ્યારે યુવાનો અને સામાન્ય નાગરિકો પોતાની પહેલ પર આટલી મોટી સંખ્યામાં એકજૂટ થયા છે. આ બધું તમે પોતે જોયું છે, તેથી હું તેના પર વધુ વિગતવાર વાત કરવા માંગતો નથી. હવે દરેક વ્યક્તિ વડાપ્રધાન મોદીની વોટ ચોરીની યોજનાનો સંપૂર્ણ પર્દાફાશ કરવા તૈયાર છે.'

ગુજરાત પોલીસ ઈનોવેશન ચેલેન્જનો સમાપન સમારોહ

સેન્ટીનલ હેકાથોન ૨૦૨૬ થકી AI અને CCTV ઈન્ટિગ્રેશન દ્વારા સ્માર્ટ પોલિસિંગની દિશામાં ગુજરાત પોલીસનું ઐતિહાસિક કદમ

રાજકોટ, તા.૧૩

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં શ-ંીબ અમદાવાદ ખાતે દેશની સૌથી મોટી 'ગુજરાત પોલીસ ઇનોવેશન ચેલેન્જ ૨૦૨૬'(સેન્ટીનલ હેકાથોન ૨૦૨૬)નો સમાપન સમારોહ યોજાયો હતો. રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ સક્ષમ, સચોટ અને સ્માર્ટ બનાવવાના ઉદ્દેશથી યોજાયેલી આ હેકાથોનમાં દેશભરમાંથી ઇનોવેટર્સ, સ્ટાર્ટઅપ્સ, ટેકનોલોજી કંપનીઓ અને સંશોધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બે દિવસ દરમિયાન તજજ્ઞ જ્યુરી પેનલ દ્વારા વિવિધ ટીમોના પ્રોજેક્ટ પ્રેઝન્ટેશન, પીચિંગ અને મૂલ્યાંકન (Jury Evaluation Reconciliation)ની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

દેશમાં સર્વપ્રથમ વખત સ્પર્ધકોએ લાઇવ CCTV કેમેરા ફીડ્સ પર રિયલ-ટાઇમ ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન, વ્હીકલ ટ્રેકિંગ અને વોચલિસ્ટ મેચિંગ જેવા વાસ્તવિક પબ્લિક સેફ્ટી સોલ્યુશન્સનું પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધાના અંતે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ફેઝ-૧ની અલગ અલગ ત્રણ કેટેગરીની વિજેતા ટીમોને તથા પ્રોત્સાહક ઇનામો મળીને કુલ રૂ.૧૮ લાખના રોકડ પુરસ્કારો આપી મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. ફેઝ ૧ અને ફેઝ ૨ મળીને સ્પર્ધકો કુલ ૫૧ લાખની ઈનામી રકમ જીતી શકશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉપસ્થિત ઇનોવેટર્સ, ટેકનોલોજી નિષ્ણાતો અને પોલીસ પરિવારને સંબોધતા જણાવ્યું હતું કે*, આ ઇનોવેશન ચેલેન્જ એ માત્ર આઈ.ટી. કે ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાનું કે કેવળ ક્રાઇમ ડિટેક્શન માટેનું આયોજન નથી, પરંતુ અઈ અને આધુનિક સોફ્ટવેર ઈન્ટિગ્રેશનના માધ્યમથી ગુજરાત પોલીસના હજારો કોન્સ્ટેબલ્સ અને અધિકારીઓના 'હ્યુમન અવર્સ' (કાર્યના કલાકો) બચાવીને તેમની તથા તેમના પરિવારની સોશિયલ લાઈફને ઉત્કૃષ્ટ બનાવવાનો એક અત્યંત માનવીય અભિગમ છે. આ ચેલેન્જ માટે દેશભરમાંથી ૩,૧૦૦થી વધુ રજિસ્ટ્રેશન અને ૧,૦૦૦થી વધુ ઇનોવેટિવ સોલ્યુશન્સ પ્રાપ્ત થયા છે, જે રાષ્ટ્ર નિર્માણ અને સુરક્ષા ક્ષેત્રે દેશની યુવાશક્તિનો અદભુત ઉત્સાહ દર્શાવે છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સોફ્ટવેર અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો અસરકારક ઉપયોગ કરીને સ્માર્ટ પોલિસિંગ સુનિશ્ચિત કરી શકાશે. સીસીટીવી કેમેરા ઇન્ટિગ્રેશન અને અઈ ટેકનોલોજી સોલ્યુશન્સ વિકસાવનારા યુવાનો અને સ્ટાર્ટઅપ્સ માટે ભવિષ્યમાં માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશના રાજ્યોમાં વિશાળ બિઝનેસ ઓપર્ચ્યુનિટીઝ ઊભી થશે. યુવા ઇનોવેટર્સને કન્સેપ્ટથી લઈને એક્ઝિક્યુશન સુધીના તમામ તબક્કે પૂરો સપોર્ટ આપવા અને રિયલ-ટાઇમ ડેટા સાથે કામ કરવા માટે સુવિધા પૂરી પાડવા પોલીસ વિભાગ પ્રતિબદ્ધ છે. આ પ્રસંગે તેમણે અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા વિકસાવવામાં



આવેલ આધુનિક ડિજિટલ પ્રકલ્પોની પ્રશંસા કરીને સમગ્ર દેશમાં આ પ્રકલ્પ નવી દિશા ચિંધશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ કુમારે ટેકનોલોજી અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અંગે વિચારો રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ 'સેવા ફર્સ્ટ ઇનોવેશન ચેલેન્જ' અને આઈ-હબ (i-Hub) ના માધ્યમથી રાજ્યના યુવા ઇનોવેટર્સ, વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. પબ્લિક સેફ્ટી, ક્રાઇમ પ્રિવેન્શન, ડિટેક્શન અને ટ્રાફિક મેનેજમેન્ટ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ડેટા એનાલિટિક્સ અને ડિજિટલ ટેક્નોલોજીના ઉપયોગથી પોલીસ વિભાગની કાર્યક્ષમતામાં મોટો અને સકારાત્મક બદલાવ આવી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, આઈ-હબ દ્વારા ૭૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન, લીગલ અને ફાઇનાન્શિયલ સપોર્ટ પૂરો પાડીને 'માઇન્ડ ટુ માર્કેટ'ના મંત્રને સાકાર કરવામાં આવી રહ્યો છે, ત્યારે આ પ્રકારની લાઈવ હેકાથોન ટેકનોલોજીકલ સોલ્યુશન્સ વિકસાવીને સ્માર્ટ પોલિસિંગના અમલીકરણમાં માઇલસ્ટોન સાબિત થશે.

મુખ્યમંત્રીના અગ્ર સચિવ અને ગૃહ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી સંજીવ કુમારે ગુજરાત પોલીસની 'સેન્ટીનલ હેકાથોન' જેવી નવીન પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે, ટેક-ડ્રાઇવ પોલિસિંગ તરફનું આ એક અત્યંત મહત્વપૂર્ણ કદમ છે અને આ પ્રકારનું આયોજન ગૃહ વિભાગ માટે ગર્વની ક્ષણ છે. રાજ્યમાં વિવિધ વિભાગો દ્વારા લગાવાયેલા સીસીટીવી કેમેરાઓને એક જ સિંગલ પ્લેટફોર્મ પર લાવી, ઉપલબ્ધ ડેટાનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને વધુ સક્ષમ અને પરિણામલક્ષી આઉટકમ મેળવવાનો આ નવતર પ્રયોગ છે. માનનીય નાયબ મુખ્યમંત્રી અને રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ આયોજિત આ હેકાથોન દ્વારા દેશના ઇનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સને એક ઉત્કૃષ્ટ મંચ મળ્યું છે. આઈ-હબ ખાતે યોજાયેલ આ પ્રકલ્પ સ્માર્ટ અને ફ્યુચર-રેડી સુરક્ષા ઇકોસિસ્ટમના નિર્માણમાં માઇલસ્ટોન સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરીને તેમણે આ સહયોગ બદલ શિક્ષણ વિભાગનો આભાર માન્યો હતો. આ પ્રસંગે રાજ્ય પોલીસવડા જી. એસ. મલિકે સ્વાગત પ્રવચન કરતાજણાવ્યું હતું કે પોલિસિંગમાં આધુનિક ટેકનોલોજીના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યના સીસીટીવી નેટવર્ક અને કેમેરાઓને ઇન્ટિગ્રેટ કરીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ તથા વિડિયો એનાલિટિક્સના ઉપયોગથી ગુના બનતા અટકાવી શકાય છે, શંકાસ્પદ વ્યક્તિઓની તાત્કાલિક ઓળખ કરી શકાય છે અને રિયલ-ટાઇમ એલર્ટ મેળવી શકાય છે. ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસ નવીન ટેકનોલોજી અપનાવવામાં હંમેશા અગ્રેસર રહી છે, ત્યારે આ હેકાથોન મારફતે મળનાર અઈ અને ટેકનોલોજીકલ સોલ્યુશન્સ સ્માર્ટ, સક્ષમ અને પ્રો-એક્ટિવ પોલિસિંગને નવી ઊંચાઈઓ પર લઈ જશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે અમદાવાદ સિટી ક્રાઇમ બ્રાન્ચ દ્વારા વિકસાવવામાં આવેલ દેશના પ્રથમ UIDAI માન્યતા પ્રાપ્ત કન્સેન્ટ-બેઝ્ડ ડિજિટલ આઈડેન્ટિટી વેરિફિકેશન સિસ્ટમ 'પ્રતિ રક્ષા' તેમજ 'પથિક ૨.૦' (Pathik 2.0) નામના અત્યાધુનિક ડિજિટલ પ્રકલ્પો મહાનુભાવોના હસ્તે શરૂ કરાવવામાં આવ્યા હતા. આ સિસ્ટમ દ્વારા રિયલ-ટાઇમ ક્યુઆર કોડ અને ફેસ વેરિફિકેશન વડે હોટેલ્સ, પીજી, ફેક્ટરીઓ તથા કારખાનાઓના કર્મચારીઓની ઓળખ સચોટ રીતે તથા પેપરલેસ અને ગોપનીયતાના પૂર્ણ પાલન સાથે ચકાસી શકાશે. આ પ્રસંગે વડોદરા પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર, અમદાવાદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત, પોલીસ વિભાગ અને શ-ંીબના પદાધિકારીઓ, અધિકારીઓ, જ્યુરી સભ્યો તેમજ મોટી સંખ્યામાં સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા.

સ્થાપના દિનની અનોખી ઉજવણી

નાગરિક બેંકના દ્વારા યોજાયેલ શિબિરમાં ૮૩૨ રક્ત એકત્રિત



રાજકોટ, તા.૧૩

રાજકોટ નાગરિક સહકારી બેંક લિમિટેડના ૭૪મા સ્થાપના દિન નિમિત્તે રાજકોટ તેમજ બહારગામની શાખાઓમાં રક્તદાન મહાશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાશિબિરમાં કુલ ૮૩૨ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે સર્ટિફિકેટ અને ભેટ પણ આપવામાં આવ્યા હતા.

બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠક અને ઈન્ચાર્જ વાઇસ ચેરમેન ચંદ્રેશભાઈ ધોળકીયાની સંયુક્ત યાદી મુજબ હેડ ઓફિસ અને વિવિધ શાખાઓમાં યોજાયેલ રક્તદાન શિબિરમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. એકત્રિત થયેલું રક્ત સિવિલ હોસ્પિટલના થેલેસેમિયાના દર્દીઓ તેમજ અન્ય જરૂરિયાતમંદ લોકોને ઉપયોગી થશે. સમાજ માટે કંઈક કર્યાના આનંદ સાથે આ ઉજવણી સાર્થક બની છે તેમ દિનેશભાઈ પાઠકે જણાવ્યું હતું.

રાજકોટ હેડ ઓફિસ ખાતે યોજાયેલ શિબિરમાં દિનેશભાઈ પાઠક, ચંદ્રેશભાઈ ધોળકીયા, અશોકભાઈ ગાંધી, નવીનભાઈ પટેલ, ચિરાગભાઈ રાજકોટીયા, ભૌમિકભાઈ શાહ, બિજેશભાઈ મલકાણ, હંસરાજભાઈ ગજેરા, વિજયભાઈ કોઠારી અને નીતિનભાઈ મણીયાર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શ્રીમદ્ રાજચંદ્ર ગ્રુપના વિનયભાઈ જસાણી, આત્મનભાઈ કથીરીયા તેમજ સિવિલ હોસ્પિટલના માનસભાઈ ત્રિવેદી અને તેમની ટીમનો વિશેષ સહયોગ મળ્યો હતો. બહારગામની શાખાઓમાં અમદાવાદ ખાતે સુરેન્દ્રભાઈ પટેલ, મોરબીમાં દીપકભાઈ બકરાણીયા, ધોરાજીમાં લલિતભાઈ વોરા, જામનગરમાં હસમુખભાઈ હિંડોચા, ગાંધીનગરમાં હરેશભાઈ ઠક્કર અને જસદણમાં શૈલેષભાઈ મકવાણા હાજર રહ્યા હતા.

રાજકોટ નાગરિક સહકારી બેંક માત્ર બેન્કિંગ કામગીરી પૂરતી સીમિત ન રહેતા સામાજિક ઉત્તરદાયિત્વ પણ નિભાવે છે. બેંક દ્વારા વ્યક્તિગત સભાસદોને રૂપિયા ૧ લાખનું અકસ્માત વીમા કવર પૂરું પાડવામાં આવે છે. સભાસદોના સંતાનો માટે શૈક્ષણિક પુરસ્કાર અને સ્કોલરશીપ આપવામાં આવે છે.

કનકનગરનો બુટલેગર પરસોત્તમ પાસામાં

ક્રાઇમ બ્રાંચે તૈયાર કરેલી પાસાની દરખાસ્તને પોલીસ કમિશ્નરે મંજુર કરતા પરસોત્તમને સાબરમટી જેલમાં ધકેલાયો

રાજકોટ, તા.૧૩

અગાઉ અનેક ગુનામાં સંડોવાયેલા સંત કબીર રોડ પરના કનકનગર સોસાયટીમાં, શેરી-૧ માં રહેતા બુટલેગર પરષોતમ ઉર્ફે ગુગા જાદવભાઈ કુમારખાણીયાને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પાસા તળે ધરપકડ કરીને અમદાવાદની સાબરમતી જેલમાં ધકેલી દીધો છે.

મળતી વિગતો મુજબ પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા અને અન્ય ઉચ્ચ અધિકારીઓની સૂચના અનુસાર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સંત કબીર રોડ પરના કનકનગર સોસાયટીમાં રહેતા બુટલેગર પરષોતમ ઉર્ફે ગુગા જાદવભાઈ કુમરખાણીયા સામે પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. પોલીસ કમિશનર દ્વારા આ દરખાસ્ત મંજૂર કરવામાં આવતા પરસોત્તમની અટકાયત કરી પાસા વોરંટની બજવણી સાથે તેને સાબરમતી જેલ અમદાવાદ ધકેલી દેવાયો છે.

પોલીસે વધુ વિગતો આપી હતી કે પરસોત્તમ સામે અગાઉ પણ અનેક ગુનાઓ નોંધાયેલા છે જેમાં ડીસીબી પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૬માં દારૂના બે ગુના, ૨૦૧૬ અને ૨૦૧૮



માં થોરાળા પોલીસમાં દારૂના બે ગુના, કુવાડવા રોડ પોલીસમાં ૨૦૧૭માં પ્રોહિબિશન અને એમ વી એક્ટ હેઠળ બે ગુના, આજીડેમ પોલીસ સ્ટેશનમાં ૨૦૨૧માં પ્રોહિબિશન એક્ટ હેઠળ અને ૨૦૨૩માં આઈપીસી કલમ ૩૦૨ અને ૩૦૭ સહિતના ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

શહેર ક્રાઇમ બ્રાન્ચના પીઆઈ એ.એસ.ચાવડા એમ એલ ડામોર અને સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ એએસઆઈ ભરતભાઈ વનાણી, ઘનશ્યામભાઈ મેણીયા, હેડ કોન્સ્ટેબલ કનકસિંહ સોલંકી, દીપકભાઈ ચૌહાણ, કોન્સ્ટેબલ મનીષભાઈ રાજેશભાઈ, મેહુલસિંહ ચુડાસમા પરસોત્તમને દબોચવા જોડાયા હતા.

કલેકટર કચેરી નજીકથી ક્રાઇમ બ્રાંચે દબોચ્યો

લૂંટના ગુનામાં નાસતો ફરતો ઈમરાન ઠેબા ઝડપાયો



રાજકોટ, તા.૧૩

૨૦૧૨માં લુંટનો ગુનો નોંધાયા બાદ ત્યારથી નાસતા ફરતા પોપટપરાના ઈમરાન સલીમ ઠેબાને ક્રાઈમ બ્રાન્ચે કલેકટર નજીકથી ઝડપી લઈને એ ડીવીઝન પોલીસને સોંપ્યો છે.

ક્રાઈમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ તુલશીભાઈ ચુડાસમા કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ખાંડેખા અને સંજયભાઈ ખાખરીયાને મળેલી બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે શહેરની કલેક્ટર કચેરી નજીકથી પોપટપરામાં રહેતા ઈમરાન સલીમ ઠેબાને ઝડપી લીધો છે. પોલીસ પાસેથી વધુ મળતી વિગતો મુજબ ઈમરાન વિરુદ્ધ રાજકોટ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૨૦૧૨માં લૂંટનો ગુનો,૨૦૨૧માં ડીસીબી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો, ૨૦૨૩ માં એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જુગાર ધારાનો તેમજ ૨૦૨૪માં ડીસીબી પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા હેઠળ બે અલગ અલગ ગુના નોંધાયેલા છે.

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા અને અન્ય ઉચ્ચ અધિકારીઓની નાસતા ફરતા આરોપીઓને પકડવાની સૂચના અન્વયે આ સફળ કામગીરી કરવામાં આવી છે. પીઆઈ એ.એસ.ચાવડા, એમ એલ ડામોર અને સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ. એમ. રાણા અને તેમની ટીમે આ ઓપરેશન પાર પાડ્યું છે.

રાજકોટના 'લાયન મેન' તપન શેઠની આંતરરાષ્ટ્રીય સિદ્ધિ

ઈટાલીમાં પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવતા શહેરનું વધ્યુ ગૌરવ

રાજકોટ, તા.૧૩

મેળવ્યો રાજકોટના પ્રખ્યાત વન્યજીવ ફોટોગ્રાફર અને વિશ્વભરમાં 'લાયન મેન' તરીકેની ઓળખ ધરાવતા તપન શેઠે ઈટાલીના સિએના શહેરમાં આયોજિત આંતરરાષ્ટ્રીય 'સિએના ફોટોગ્રાફી એવોર્ડ' જીતીને રાજકોટ અને સમગ્ર ગુજરાતનું નામ વૈશ્વિક સ્તરે રોશન કર્યું છે ઈટાલીના સિએના ખાતે યોજાયેલા ભવ્ય પુરસ્કાર સમારંભમાં તેમને ખાસ આમંત્રણ આપીને આ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું.



આ વૈશ્વિક સ્પર્ધામાં દુનિયાભરમાંથી આવેલી ૫૦૦૦ થી પણ વધુ શ્રેષ્ઠ તસવીરો વચ્ચે કડક સ્પર્ધા યોજાઈ હતી જેમાં તપન શેઠ દ્વારા જાપાનના જિગોકુદાની ખાતે કેમેરામાં કેદ કરવામાં આવેલી 'જાપાનીઝ સ્નો મંકી' ની અત્યંત સર્જનાત્મક અને સુંદર તસવીર પસંદગી પામી હતી તેમની આ અનોખી કલાત્મક રજૂઆત માટે તેમને 'ક્રિએટિવ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી' કેટેગરીમાં 'હાઈલી કમેન્ડેડ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

વ્યવસાયે આઈ.ટી. પ્રોફેશનલ હોવા છતાં વન્યજીવન પ્રત્યેના તેમના અપાર પ્રેમ અને ફોટોગ્રાફી પ્રત્યેના ઝનૂનને કારણે તપન શેઠે આ ક્ષેત્રમાં પોતાની એક અલગ અને આગવી ઓળખ ઊભી કરી છે.

રાજકોટ શહેર પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફીકિંગ યુનિટની ટીમે

અપહ્યુત સગીરા ટંકારામાંથી મળી



એન્ટી હ્યુમન ટ્રાફીકિંગ યુનિટની ટીમે પરિવાર સાથે કરાવ્યું મિલન

રાજકોટ તા. ૧૩

રાજકોટ શહેર પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફીકિંગ યુનિટની ટીમે અપહરણના ગુનામાં ભોગ બનનાર ૧૭ વર્ષની સગીરાને ટંકારા ખાતેથી સુરક્ષિત રીતે શોધી કાઢીને તેના પરિવાર સાથે મિલન કરાવ્યું છે.

રાજકોટ શહેરના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં અપહરણનો ગુનો નોંધાયો હતો. આ ગુનામાં ફરિયાદીની ૧૭ વર્ષની સગીર દીકરીને કોઈ અજાણ્યા ઈસમ દ્વારા કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જવામાં આવી હતી.

પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફીકિંગ યુનિટની ટીમે હ્યુમન અને ટેકનિકલ રિસોર્સના આધારે સગીરા ટંકારા ખાતે હોવાની માહિતી મેળવી હતી. ત્યારબાદ ટીમે ટંકારા પાસે હાઈવે પર આવેલી રામદેવ હોટેલ નજીકથી સગીરાને સુરક્ષિત શોધી કાઢી આગળની કાયદેસરની કાર્યવાહી માટે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે સોંપી છે.

સફળ ઓપરેશન પીઆઈ પી.એન. પઢિયાર અને પીએસઆઈ એસ.પી. ચૌહાણના નેતૃત્વ હેઠળ એ.એસ.આઈ અજયકુમાર શુક્લા, સલીમભાઈ મકરાણી, ધર્મેન્દ્રસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ જીગ્નેશભાઈ આર. મારુ, ગીરીરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ હસમુખભાઈ બાલધા, મહેશ ગણેશપ્રસાદ પ્રસાદ, જ્યોતીબેન બાબરીયા, ભુમિબેન ઠાકર, કોન્ટેબલ સુર્યકાંતભાઈ સહિતની ટીમે પાર પાડવામાં આવ્યું હતું.

રાજકોટ શહેરના હૃદયસમા અને ઐતિહાસિક ઓળખ ધરાવતા


લાખાજીરાજ રોડ પર આક્રોશનો વિસ્ફોટ

પાથરણાવાળાના અસહ્ય ત્રાસથી કંટાળેલા વેપારીઓ મનપા કચેરીએ દોડી ગયા, મેયરને દુકાનોની ચાવીઓ સોંપી દેવાની ચીમકી

રાજકોટ, તા. ૧૩

પૌરાણિક લાખાજીરાજ રોડ તેમજ ધર્મેન્દ્રસિંહજી માર્કેટના વેપારીઓ દિવાળીના તહેવારોની મુખ્ય સિઝનમાં જ તંત્રની ઘોર ઉપેક્ષા સામે ઉગ્ર આક્રોશ સાથે શેરીમાં ઉતરી આવ્યા છે. દર વર્ષે તહેવારો નજીક આવતાની સાથે જ આ પૌરાણિક બજારોમાં દુકાનોની આબેહૂબ સામે અને ફૂટપાથ પર પાથરણાવાળા તેમજ અસંખ્ય ગેરકાયદે ફેરીયાઓનો અસહ્ય ત્રાસ વધી જાય છે. આ પરિસ્થિતિને કારણે મનપામાં નિયમિતપણે ટેક્સ ભરતા કાયમી વેપારીઓના ધંધા-રોજગાર સાવ ભાંગી પડ્યા છે. તંત્રની કાયમી નિષ્ક્રિયતા અને ઢીલી નીતિથી કંટાળીને આજે રોષે ભરાયેલા સોશિયલ અને વેપારી મંડળના પ્રતિનિધિઓ મનપા કચેરી ખાતે ધસી ગયા હતા અને મેયરને રૂબરૂ મળીને ધારદાર રજૂઆત કરી હતી.

સ્થાનિક વેપારીઓએ મનપા કચેરી પરિસરમાં તંત્ર વિરુદ્ધ ભારે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, દિવાળી જેવા મુખ્ય તહેવારમાં આખા વર્ષની કમાણીનો આધાર હોય છે. પરંતુ તહેવારો શરૂ થતાં જ બહારથી આવતા પાથરણાવાળાઓ દુકાનોના દરવાજા સુધી ગેરકાયદેસર રીતે કબ્જો જમાવી લે છે. દુકાનની બહાર એ હદે દબાણો થઈ જાય છે કે ગ્રાહકોને ખરીદી કરવા માટે દુકાન સુધી પહોંચવાનો કે ઉભા રહેવાનો રસ્તો પણ બચતો નથી. આ સ્થિતિના કારણે ગ્રાહકો આ વિસ્તારમાં આવવાનું ટાળી રહ્યા છે અને પરિણામે પરંપરાગત વેપારીઓને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ફેરીયાઓ



અને પાથરણાવાળાના કારણે અમારા ધંધા સાવ ચોપટ થઈ ગયા છે તેવી વેદના વેપારીઓએ ઠાલવી હતી.

વેપારીઓએ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખાની ભૂમિકા સામે પણ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે દબાણ શાખા દ્વારા કરવામાં આવતી કામગીરી માત્ર કાગળ પર જ રહે છે અથવા તો માત્ર દેખાવ પૂરતી થોડી મિનિટોની કાર્યવાહી કરીને સંતોષ માની લેવાય છે. તંત્રની આવી 'ઢીલી નીતિ' અને કડક પગલાંના અભાવે ગેરકાયદે દબાણ કરનારાઓને ખુલ્લો દોર મળી ગયો છે. કાયમી દુકાનદારો ભાડા, વીજબિલ અને મનપાના વિવિધ વેરાઓ ભરીને પ્રામાણિકપણે વેપાર કરે છે, છતાં તહેવારોના સમયે તેમને રઝળપટ્ટ કરવાનો વારો આવે છે જ્યારે દબાણકર્તાઓ બિનદાસ્તપણે રસ્તાઓ રોકીને બેસી જાય છે.

આક્રમક મૂડમાં આવેલા વેપારીઓએ મનપા તંત્ર અને શાસકોને સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપતા જણાવ્યું હતું કે, જો દબાણ હટાવ શાખા દ્વારા તાત્કાલિક અસરથી લાખાજીરાજ રોડ અને ધર્મેન્દ્રસિંહજી માર્કેટ વિસ્તારમાંથી આ પાથરણાવાળા અને ફેરીયાઓના દબાણો કાયમી ધોરણે દૂર કરવામાં નહીં આવે, તો નાછૂટકે તમામ વેપારીઓ પોતાની દુકાનોના તાળા મારીને તેની ચાવીઓ મહાનગરપાલિકા કચેરીએ સોંપી દેશે. પૌરાણિક બજારના અસ્તિત્વ અને પોતાના રોજીરોટીના રક્ષણ માટે વેપારીઓએ આરપારની લડાઈ લડી લેવાનો સ્પષ્ટ સંકેત આપતાં મનપા તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે.

રાજકોટમાં વિજ્ઞાન અને કલાનો અદભુત ત્રિવેણી સંગમ

રાજ્યકક્ષાની 'સાયન્સ ડ્રામા સ્પર્ધા'નો પ્રારંભ

૩૨૬માંથી છટણી થઈને આવેલી ૩૧ તેજસ્વી ટીમો લગાવશે જોર : ગુજરાતની પ્રતિભા ગુંજશે રાષ્ટ્રીય સ્તરે



રાજકોટ, તા. ૧૩

વિજ્ઞાન હવે માત્ર પ્રયોગશાળાની ચાર દીવાલો કે પુસ્તકોના પાનાઓ પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ હવે તે રંગમંચ પર નાટક અને મનોરંજનના માધ્યમથી જીવંત થવા જઈ રહ્યું છે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ) દ્વારા રાજકોટના જાણીતા હેમુ ગઢવી હોલ ખાતે રાજ્ય કક્ષાની ભવ્ય વિજ્ઞાન નાટ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે, જેણે સમગ્ર શિક્ષણ જગતમાં ભારે આકર્ષણ જગાવ્યું છે. આ સ્પર્ધાનું કદ અને વ્યાપ કેટલો મોટો છે તેનો અંદાજ તે વાત પરથી લગાવી શકાય કે, સમગ્ર ગુજરાત રાજ્યમાંથી કુલ ૩૨૬ ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઉત્સાહભેર એન્ટ્રી નોંધાવી હતી. આ તમામ ટીમો વચ્ચે અતિ આકરી સ્પર્ધા અને ચકાસણી પ્રક્રિયા યોજાઈ હતી, જેમાંથી અંતે સર્વશ્રેષ્ઠ અને તેજસ્વી સાબિત થયેલી માત્ર ૩૧ ટીમો જ રાજ્ય કક્ષાના આ મુખ્ય મંચ સુધી પહોંચવામાં સફળ રહી છે. હવે આ ૩૧ ટીમો હેમુ ગઢવી હોલના મંચ પર પોતાની અભિનય કળા અને વૈજ્ઞાનિક સૂઝબૂઝનો અનોખો જાદુ પાથરશે. આ સમગ્ર આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં માત્ર ગોખણપટ્ટીની સંસ્કૃતિ દૂર કરવાનો, પરંતુ તેમનામાં બાળપણથી જ 'રિસર્ચ' (સંશોધન વૃત્તિ) અને સર્જનાત્મકતા (ક્રેએટિવિટી) કેળવવાનો છે. જ્યારે વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક સિદ્ધાંતો કે સમસ્યાઓને નાટકના સંવાદો અને અભિનય દ્વારા રજૂ કરે છે, ત્યારે વિજ્ઞાન વિષય અટપટો લાગવાને બદલે ખૂબ જ સરળ, રસપ્રદ અને મનોરંજક બની જાય છે.

આ સ્પર્ધા માત્ર રાજ્ય પૂરતી સીમિત નથી. આ રાજ્ય કક્ષાના મંચ પરથી વિજેતા બનનારી સર્વશ્રેષ્ઠ ટીમ હવે આગળ વધીને બોમ્બે ઝોનમાંથી પસાર થશે અને ત્યારબાદ સીધી દેશના પાટનગર સમાન ગણાતા કલકત્તા ખાતે યોજાનાર રાષ્ટ્રીય સ્તરની (નેશનલ લેવલ) વિજ્ઞાન નાટ્ય સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવા માટે મેદાને ઉતરશે. ગુજરાતના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરે રાજ્યનું નામ રોશન કરે તે માટે આ એક સુવર્ણ તક સાબિત થશે. વિદ્યાર્થીઓનો હોંસલો વધારવા અને તેમને કલા જગતની ઊંડી બારીકાઓથી માર્ગદર્શન આપવા માટે ગુજરાતી સાહિત્ય અને રંગમંચના દિગ્ગજ ચહેરાઓ વિશેષ રૂપે ઉપસ્થિત રહેશે. જાણીતા હાસ્ય કલાકાર અને પદ્મશ્રી જગદીશભાઈ ત્રિવેદી તેમજ લોકપ્રિય નાટ્યકાર સંજયભાઈ ગોરડીયા પોતાની ઉપસ્થિતિથી આ કાર્યસૂચિમાં ચાર ચાંદ લગાવશે અને ઉપસ્થિત યુવા કલાકારોને પ્રેરણા પૂરી પાડશે. વિજ્ઞાન, તર્ક અને કલાના આ મહાસંગમથી રાજકોટનું વાતાવરણ અત્યારથી જ ઉત્સાહથી છલકાઈ રહ્યું છે અને શિક્ષણવિદો તેમજ કલા રસિકોમાં આ નાટક સ્પર્ધા ભારે ચર્ચાનો વિષય બની છે.

વિજેતાઓ માટે આકર્ષક રોકડ પુરસ્કારોનો વરસાદ

નાટ્ય સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ઉત્સાહી કલાકાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સંચાલકો દ્વારા મોટા પાયે રોકડ ઈનામો રાખવામાં આવ્યા છે

- પ્રથમ વિજેતા ટીમ: રૂપિયા ૫૧,૦૦૦
- દ્વિતીય વિજેતા ટીમ: રૂપિયા ૩૧,૦૦૦
- તૃતીય વિજેતા ટીમ: રૂપિયા ૨૧,૦૦૦

સૌરાષ્ટ્રનું પ્રથમ ભવ્ય 'અર્બન હાર્ટ'નું નિર્માણ રાજકોટમાં

પરંપરાગત કારીગરો અને કલાકારો માટે ખુલશે રોજગારીનો નવો દ્વાર : ગ્રાઉન્ડ ફ્લોર પર જ વાહનો માટે પૂરતી પાર્કિંગ વ્યવસ્થા અને સુંદર ગાર્ડન વિકસાવવાશે

રાજકોટ, તા. ૧૩

સૌરાષ્ટ્રભરમાં હાથવણાટની કળાથી માંડીને અનેકવિધ પરંપરાગત ચીજવસ્તુઓ બનાવતા હજારો શ્રમજીવી કારીગરો અને વેપારીઓ માટે એક અત્યંત રાહત અને ઉત્સાહજનક સમાચાર સામે આવ્યા છે. વર્ષોથી પોતાની અદભૂત કલાને યોગ્ય બજાર અને વળતર ન મળવાની ચિંતામાં જીવતા કલાકારોને હવે એક જ છત નીચે વૈશ્વિક કક્ષાનું અલાયદું પ્લેટફોર્મ પૂરું પાડવા અને તેમને આર્થિક રીતે પગભર તથા મજબૂત બનાવવાના મુખ્ય હેતુસર રાજકોટ ખાતે સૌરાષ્ટ્રનું સૌપ્રથમ અર્બન હાર્ટનું ભવ્ય નિર્માણ થવા જઈ રહ્યું છે.

આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ અંતર્ગત ટૂંક સમયમાં જ નિર્માણ કાર્ય શરૂ થઈ જનાર છે, જે માટે શહેર માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઓનલાઈન ટેન્ડરો પણ બહાર પાડી દેવામાં આવ્યા છે. આ સમગ્ર પ્રોજેક્ટની રૂપરેખા અને વિગતો આપતા શહેર માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર સિદ્ધાર્થ જાનીએ 'સાંજ સમાચાર' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર સૌરાષ્ટ્રના ખૂણે-ખૂણે બેસીને પરંપરાગત ચીજવસ્તુઓ અને હસ્તકલાનું સર્જન કરતા કારીગરોની આર્થિક ઉન્નતિ માટે સતત કટીબદ્ધ અને પ્રયત્નશીલ છે.

આ જ મૂળભૂત હેતુને સાકાર કરવા માટે રાજકોટ શહેરના સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગેઈટથી તદ્દન નજીક આવેલી ૮૨૦૦ ચોરસ મીટર વિશાળ જમીન તાજેતરમાં જ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજ્ય સરકારના 'ઈન્ડેક્સ-સી' (ઔદ્યોગિક વસાહત-ઈ) વિભાગને અધિકૃત રીતે ફાળવી દેવામાં આવી છે. ફાળવવામાં આવેલી આ જગ્યા પર



આધુનિક વાસ્તુશિલ્પ અને સુવિધાઓથી યુક્ત ગ્રાઉન્ડ પ્લસ વન ફ્લોરનું ભવ્ય બિલ્ડીંગ ઊભું કરવામાં આવશે. આ સમગ્ર પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂા. ૧૮.૬૩ કરોડનો મસમોટો ખર્ચ કરવામાં આવશે, જે દર્શાવે છે કે સરકાર કલાકારોના ઉત્થાન માટે કેટલી ગંભીર છે.

નવા બનનાર આ બે માળના ભવનમાં કારીગરો અને મુલાકાતીઓની સુવિધા માટે વિશેષ આયોજન કરાયું છે. જે મુજબ, ગ્રાઉન્ડ ફ્લોર પર ૬૪ અને પ્રથમ માળ પર ૯૧ એમ કુલ મળીને અંદાજે ૧૫૫ અત્યાધુનિક દુકાનોનું નિર્માણ કરવામાં આવશે. આ દુકાનોમાં કલાકારો પોતાની કલાકૃતિઓનું પ્રદર્શન અને વેચાણ કરી શકશે. ખાસ કરીને ગ્રાઉન્ડ ફ્લોર પર જ વિશાળ વાહન પાર્કિંગની વ્યવસ્થા રાખવામાં આવી છે જેથી આવનારા ખરીદદારો કે મુલાકાતીઓને કોઈ મુશ્કેલી ન પડે. આ ઉપરાંત બિલ્ડીંગમાં કારીગરોના કૌશલ્યવર્ધન, બેઠકો અને પ્રદર્શનો માટે એક વિશેષ સેમિનાર હોલનું પણ નિર્માણ કરાશે. મુલાકાતીઓ અને વયોવૃદ્ધ કારીગરોની સુવિધા માટે લિફ્ટની સુવિધા તેમજ આસપાસના વાતાવરણને પ્રકૃતિમય રાખવા માટે સુંદર ગાર્ડન પણ વિકસાવવામાં આવશે.

કાર્યપાલક ઈજનેર સિદ્ધાર્થ જાનીના જણાવ્યા અનુસાર, આ કામગીરી માટેના તમામ ટેન્ડરોની પ્રક્રિયા હાથ ધરી દેવાઈ છે અને સંભવતઃ આગામી ડિસેમ્બર માસથી જ પ્રત્યક્ષ રીતે બિલ્ડીંગ નિર્માણનું કામ ગતિ પકડશે. એકવાર આ ભવન બનીને તૈયાર થઈ જાય ત્યારબાદ 'ઈન્ડેક્સ-સી' વિભાગ દ્વારા સૌરાષ્ટ્રભરના લાયક અને નોંધાયેલા પરંપરાગત કારીગરોને આ દુકાનોની ફાળવણી કરવામાં આવશે. જો કે, આ દુકાનો કારીગરોને કાયમી ધોરણે વેચાણથી આપવી કે પછી ભાડાના ધોરણે ફાળવવી, તે અંગેનો અંતિમ નિર્ણય આગામી સમયમાં 'ઈન્ડેક્સ-સી' વિભાગ દ્વારા વિગતવાર નીતિગત ચર્ચાના અંતે લેવામાં આવશે.

લોકશાહીની પાયાની ઈંટ સમાન મતદાર યાદીને વધુ ચોક્કસ, પારદર્શક અને અદ્યતન બનાવવા માટે

મતદાર યાદી સુધારણાની મહાઝુંબેશ

પ્રથમ જ દિવસે ૮,૩૭૬ ફોર્મ સ્વીકારાયા, આગામી રવિવારે પણ ઈક્વ બૂથ પર રહેશે હાજર

રાજકોટ, તા. ૧૩

લોકશાહીની પાયાની ઈંટ સમાન મતદાર યાદીને વધુ ચોક્કસ, પારદર્શક અને અદ્યતન બનાવવા માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક વ્યાપક અને વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ઓમપ્રકાશના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લાના આઠેય વિધાનસભા મત વિસ્તારોમાં સતત મતદાર યાદી સુધારણા પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય ૧૮ વર્ષ પૂર્ણ કરનાર તમામ નવયુવાનોના નામ મતદાર યાદીમાં ઉમેરવાનો તથા કોઈ પણ લાયક નાગરિક મતાધિકારથી વંચિત ન રહી જાય તે સુનિશ્ચિત કરવાનો છે.

આ વિશેષ સુધારણા કાર્યક્રમ અંતર્ગત ગત રવિવારે રાજકોટ જિલ્લાના તમામ આઠ વિધાનસભા મતવિસ્તારોના કુલ ૨,૫૧૨ મતદાન મથકો પર એકીસાથે ખાસ ઝુંબેશ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક બૂથ પર બૂથ લેવલ ઓફિસર્સ (ઇક્વ) અને ડેઝિગ્નેટેડ ઓફિસર્સ હાજર રહીને નાગરિકો પાસેથી હક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવાની મહત્વની કામગીરી કરી હતી. આ પ્રથમ જ દિવસે નાગરિકો અને ખાસ કરીને યુવા વર્ગ તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો, જેના પરિણામે વહીવટી તંત્રને કુલ ૮,૩૭૬ જેટલા વિવિધ ફોર્મ્સ પ્રાપ્ત થયા હતા.

મળેલી અરજીઓના આંકડાકીય પૃથ્થકરણ પર નજર કરીએ તો, સમગ્ર જિલ્લામાંથી નવા નામ નોંધાવવા માટેના ફોર્મ-૬ કુલ ૩,૬૨૦ નાગરિકોએ ભર્યા છે. લોકશાહીના આ મહાપર્વમાં ભાગ લેવા માટે ૧૮થી ૧૯ વર્ષની વયજૂથના પ્રથમ વખતના કુલ ૧,૬૯૯ યુવા મતદારોએ પોતાના નામ નોંધાવી ઉત્સાહ દર્શાવ્યો છે. આ ઉપરાંત, નામ કમી કરવા માટેના ફોર્મ-૭ અંતર્ગત ૩૧૦ અરજીઓ તથા સરનામા કે વિગતોમાં સુધારા-વધારા માટેના ફોર્મ-૮ અંતર્ગત ૪,૪૪૬ અરજીઓ તંત્રને મળી હતી.

વિધાનસભા બેઠક વાઈઝ વિગતો જોઈએ તો,



૬૮-રાજકોટ પૂર્વ વિધાનસભા ક્ષેત્રમાં કુલ ૩૦૪ નાગરિકોએ નવા નામ માટે ફોર્મ-૬ ભર્યા હતા, જેમાં ૧૮-૧૯ વયજૂથના ૧૨૧ યુવાનોનો સમાવેશ થાય છે. રાજકોટ પશ્ચિમ મતક્ષેત્રના ૩૪૩ મતદાન મથકો પરથી ફોર્મ-૬ ના ૩૩૫ અને યુવાનોના ૧૨૨ ફોર્મ મળ્યા હતા. જ્યારે રાજકોટ દક્ષિણના ૨૫૪ મતદાન મથકો પરથી ફોર્મ-૬ ના ૨૧૩ અને યુવા મતદારોના ૧૧૪ ફોર્મ સ્વીકારાયા હતા.


ગ્રામ્ય અને તાલુકા કક્ષાના વિસ્તારોમાં પણ આ ઝુંબેશને ખૂબ મોટો આવકાર મળ્યો છે. રાજકોટ ગ્રામ્યના ૪૪૦ મતદાન મથકો પર સૌથી વધુ ૬૧૯ ફોર્મ-૬ અને ૨૬૮ યુવા ફોર્મ્સ ભરાયા હતા. ગોંડલના ૨૫૬ મતદાન મથકો પરથી ફોર્મ-૬ ના ૩૬૯ તથા ૧૮-૧૯ વયજૂથના ૨૧૮ ફોર્મ, જ્યારે જેતપુરના ૩૨૩ મતદાન મથકો પરથી ફોર્મ-૬ ના ૬૦૨ અને યુવા મતદારોના ૩૪૩ ફોર્મ પ્રાપ્ત થયા હતા. આ ઉપરાંત ૭૫-ધોરાજી મતક્ષેત્રના ૨૯૬ મતદાન મથકો પરથી ૪૯૫ ફોર્મ-૬ અને ૨૪૨ યુવા અરજીઓ સ્વીકારવામાં આવી હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, જે નાગરિકોની વય ૧૮ વર્ષ પૂર્ણ થઈ ગઈ હોય અથવા મતદાર યાદીમાં નામ નોંધાવવાનું બાકી રહી ગયું હોય, તેમજ જેઓ પ્રક્રિયા દરમિયાન જેમના નામ રહી ગયા હોય તેવા તમામ નાગરિકો માટે આ એક સુવર્ણ તક છે.

નાગરિકોની સરળતા અને સુવિધાને ધ્યાનમાં રાખીને ઓક્ટોબર અને નવેમ્બર માસના આગામી રવિવારો એટલે કે તા. ૧૮ ઓક્ટોબર, ૨૫ ઓક્ટોબર અને ૦૧ નવેમ્બરના રોજ પણ તમામ મતદાન મથકો ખાતે સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી આ વિશેષ ઝુંબેશ ચાલુ રહેશે. આ દિવસો દરમિયાન નાગરિકો પોતાના રહેઠાણ નજીકના મતદાન મથકે જરૂરી પુરાવા સાથે પહોંચીને મતદાર યાદીમાં પોતાનું નામ સુનિશ્ચિત કરી શકે છે.

પાથરણાં સમસ્યા

એક તરફ ગુજરાનનો પ્રશ્ન, બીજી તરફ દબાણની સમસ્યા



રાજકોટ શહેરમાં દબાણનો મુદ્દો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રસ્થાને આવ્યો છે. શહેરમાં મુખ્ય માર્ગો અને બજારો પર વધી રહેલા પાથરણાવાળાઓના દબાણ અંગે સ્થાનિક વેપારીઓએ મહાનગરપાલિકામાં ઉગ્ર રજૂઆત કરી હતી. વેપારીઓની માંગણી છે કે રસ્તાઓ અને ફૂટપાથ પર થતા આડેધડ દબાણોના કારણે તેમનો વેપાર પ્રભાવિત થાય છે અને ગ્રાહકોને પણ અવરજવરમાં ભારે હાલાકી ભોગવવી પડે છે.

વેપારીઓની આ રજૂઆત બાદ મેયર ડો. નેહલ શુક્લે મહત્વનું નિવેદન આપ્યું છે. મનપા દ્વારા શહેરમાં પ્રથમ વખત ૧૨ જેટલી જગ્યાઓ પર 'વોકર્સ ઝોન' ની નીતિ જાહેર કરવામાં આવી છે. આ પગલાનો મુખ્ય હેતુ પદયાત્રીઓ માટે સુરક્ષિત અને અવરોધમુક્ત રસ્તો પૂરો પાડવાનો છે.

આ નિર્ણયની તટસ્થ સમીક્ષા કરીએ તો, આ એક અત્યંત સંવેદનશીલ અને બેવડો સવાલ છે. એક તરફ શહેરની સુવ્યવસ્થા, ટ્રાફિક અને કાયદેસરના દુકાનદારોના વેપાર હિતો રક્ષવાનો પ્રશ્ન છે. બીજી તરફ નાના ફેરિયાઓ અને પાથરણાવાળાઓની રોજીરોટી અને દૈનિક ગુજરાનનો મોટો પ્રશ્ન જોડાયેલો છે. તંત્ર દ્વારા માત્ર કડક હાથે દબાણો હટાવવાથી આ સમસ્યાનો કાયમી ઉકેલ શક્ય નથી.

સારી બાબત એ છે કે તંત્ર દ્વારા માત્ર કડકાઈ દાખવવામાં નથી આવી, પરંતુ સંતુલિત અભિગમ પણ અપનાવવામાં આવ્યો છે. મનપા દ્વારા ફેરિયાઓને વૈકલ્પિક જગ્યાઓ ફાળવવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે, જેથી તેમના ગુજરાન પર માઠી અસર ન પડે. આ સાથે જ, નીતિના સફળ અમલીકરણ માટે વેપારીઓએ પણ સહયોગ દર્શાવતા ફૂટપાથ પર પોતાનો માલસામાન બહાર ન રાખવાની ખાતરી આપી છે.

ટ્રાફિક વ્યવસ્થા જાળવવી અને શ્રમજીવીઓના ગુજરાનનું રક્ષણ કરવું - બંને બાબતો વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે. જો વોકર્સ ઝોનનો કડક અમલ થાય અને સાથે સાથે ફેરિયાઓને યોગ્ય વૈકલ્પિક જગ્યા મળે, તો જ શહેરની દબાણની આ જટિલ સમસ્યાનો વ્યવહારુ અને કાયમી ઉકેલ આવી શકશે. મુખ્ય સવાલ બનેલા નિયમોના અમલીકરણનો છે. એકાદ માર્ગ પર અમલ થાય અને અન્ય માર્ગોમાં રેઢિયાળપણું ચાલું રહે, એ મોટો અન્યાય ગણાશે.નિયમોનો સર્વત્ર કડકાઈથી અમલ થાય તે જરૂરી છે. પાથરણાવાળા પર કડકાઈ અને મોટા માથાઓ સામે આંખ મીચામણાની નીતિ યોગ્ય નથી જ.



આતંકવાદીઓને આશ્રય ન આપો : અમિત શાહ

આતંકવાદ, ભંડોળ, ડ્રગ હેરફેર અને સંગઠિત અપરાધને રોકવા માટે ગુપ્ત માહિતીની આપ-લે, પ્રત્યાર્પણ અને પ્રાદેશિક સહયોગ વધારવા માટે BIMSTEC દેશોને અપીલ

નવીદિલ્હી, તા. ૧૩

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે BIMSTEC દેશોને આતંકવાદ, તેના ભંડોળ અને સંગઠિત અપરાધનો સામનો કરવા માટે પ્રાદેશિક સહયોગને મજબૂત બનાવવા અપીલ કરી. મંગળવારે BIMSTEC ગૃહમંત્રીઓની પ્રથમ બેઠકને સંબોધતા ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે સામૂહિક પ્રયાસો દ્વારા ખાતરી કરવી જોઈએ કે આતંકવાદી સંગઠનો પ્રદેશમાં સુરક્ષિત આશ્રયસ્થાનો શોધી ન શકે અને ઠેકાણા, તાલીમ કેન્દ્રો અથવા નાણાકીય નેટવર્ક સ્થાપિત ન કરી શકે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે ભારત આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિનું પાલન કરે છે. તેમણે ભાર મૂક્યો હતો કે BIMSTEC દેશોની સુરક્ષા એકબીજા સાથે જોડાયેલી છે, અને દરેક સભ્ય દેશની સુરક્ષા અન્ય સભ્ય દેશોની સુરક્ષામાં ફાળો આપે છે... આ સહિયારી જવાબદારી પરસ્પર વિશ્વાસ અને સહયોગને મજબૂત બનાવે છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે BIMSTEC દેશોને આતંકવાદી નેટવર્ક સામે સામાન્ય સંકલ્પ સાથે કામ કરવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આતંકવાદીઓને આશ્રય શોધવા, ઠેકાણા અને તાલીમ કેન્દ્રો સ્થાપિત કરવાથી, સંસાધનો એકત્રિત કરવાથી અથવા કોઈપણ સભ્ય દેશમાં અન્ય દેશો વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરવાથી અટકાવવા જરૂરી છે. અમિત શાહે બધા સભ્ય દેશોને તેમના રાષ્ટ્રીય કાયદાઓ અને લાગુ કરારો અનુસાર પરસ્પર કાનૂની સહાય અને પ્રત્યાર્પણના મામલામાં સહયોગ વધારવા વિનંતી કરી હતી. આતંકવાદ અને કાયદા અમલીકરણને સહકારના મુખ્ય ક્ષેત્રો ગણાવતા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હાલની નોડલ એજન્સીઓ દ્વારા ગુપ્ત માહિતી શેર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે આતંકવાદીઓ, તેમના સહયોગીઓ, ગુનાહિત નેટવર્ક, નાણાકીય ચેનલો અને સરહદ પારની પ્રવૃત્તિઓ સંબંધિત ચકાસાયેલ અને કાર્યવાહી કરી શકાય તેવી માહિતી સમયસર શેર કરવી જોઈએ.

ગૃહમંત્રીના મતે, આતંકવાદી ભંડોળ અને સંગઠિત ગુનાઓને અસરકારક રીતે રોકવા માટે સભ્ય દેશો વચ્ચે વધુ સારું સંકલન જરૂરી છે. આનાથી માત્ર શંકાસ્પદ નેટવર્કને ઓળખવામાં જ મદદ મળશે નહીં પરંતુ તેમના સંસાધનો અને પ્રવૃત્તિઓ પર પણ કડક કાર્યવાહી થશે. બેઠકમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ડ્રગ હેરફેરને પ્રાદેશિક સુરક્ષા માટે એક મોટો પડકાર ગણાવ્યો. તેમણે કહ્યું કે કોઈ એક દેશના પ્રયાસોથી આ સમસ્યાને સંપૂર્ણપણે કાબુમાં લઈ શકાતી નથી. પ્રાદેશિક અભિગમ જરૂરી છે. અમિત શાહે કહ્યું કે ગેરકાયદેસર ડ્રગ આવક સંગઠિત ગુનાઓને નાણાકીય શક્તિ પૂરી પાડે છે અને તેનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓને નાણાં આપવા માટે પણ થઈ શકે છે. તેમણે એમ પણ કહ્યું કે ડ્રગ્સ બનાવવા અને ડાર્ક વેબ દ્વારા વ્યવહારોમાં વપરાતા રસાયણોનો ગેરકાયદેસર ઉપયોગ પણ પડકારની જટિલતામાં વધારો કરી રહ્યો છે.

વિરોધ સ્થળ પરથી જંતર-મંતરને દૂર કરવાનો મામલો સુપ્રીમમાં

અન્ય અરજીઓ પર ૧૫ ઓક્ટોબરે સુનાવણી : અધિકારીઓ સામે કોર્ટના તિરસ્કારની કાર્યવાહી અને વિરોધીઓની કથિત અટકાયત સંબંધિત અરજીઓ સાથે જંતર-મંતરનો મુદ્દો પણ ઉઠાવ્યો

નવીદિલ્હી, તા. ૧૩

સુપ્રીમ કોર્ટ ૧૫ ઓક્ટોબરે દિલ્હીમાં થયેલા વિરોધ પ્રદર્શનો સંબંધિત કેસોની સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે તે આ મામલાને લગતી તમામ અરજીઓ પર એકસાથે સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટે બે અરજીઓનો જવાબ દાખલ કરવા માટે ગુરુવાર સુધીનો સમય માંગવાની કેન્દ્ર સરકારની વિનંતીને પણ સ્વીકારી છે. આ અરજીઓમાંથી એકમાં અધિકારીઓ સામે તિરસ્કારની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે તેઓ સુપ્રીમ કોર્ટના ૮ ઓક્ટોબરના આદેશનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા છે, જેમાં દિલ્હીમાં વિરોધ પ્રદર્શનો દરમિયાન દિલ્હી મેટ્રો, રેલ્વે સેવાઓ અને કેટલીક નાગરિક સુવિધાઓ પરનો સંપૂર્ણ પ્રતિબંધ હટાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. બીજી અરજીમાં પોલીસ પર વિરોધ પ્રદર્શનો સાથે સંકળાયેલા લોકોને કથિત રીતે



અટકાયતમાં લેવાનો આરોપ છે. જંતર મંતર અંગે દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ૧૫ ઓક્ટોબરે થવાની પણ અપેક્ષા છે.

દરમિયાન, જંતર મંતરને વિરોધ પ્રદર્શનો માટે નિયુક્ત સ્થળોની યાદીમાંથી દૂર કરવાના દિલ્હી પોલીસના નિર્ણયને પણ પડકારવામાં આવ્યો છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. અરજીમાં જણાવાયું છે કે સુપ્રીમ કોર્ટે પહેલાથી જ જંતર મંતર પર નિયંત્રિત વિરોધ પ્રદર્શનોને મંજૂરી આપી દીધી છે. પરિણામે, તેને વિરોધ સ્થળોની યાદીમાંથી દૂર કરવાના નિર્ણય પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે. આ અરજીમાં દિલ્હી પોલીસ દ્વારા નિયુક્ત કરાયેલા નવા વિરોધ સ્થળોની યોગ્યતા અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. તેમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલીક નવી જગ્યાઓ દિલ્હીના કચરાના ડમ્પિંગ યાર્ડની નજીક છે, જેના કારણે પ્રદર્શનકારીઓ માટે ત્યાં પ્રદર્શન કરવામાં મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. અરજીમાં જંતર-મંતર અંગે ૨૦૧૮ના સુપ્રીમ કોર્ટના નિર્ણયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે કિસ્સામાં, કોર્ટે શાંતિપૂર્ણ વિરોધના અધિકાર અને સ્થાનિક રહેવાસીઓને થતી અસુવિધા વચ્ચે સંતુલન જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. અરજી હવે પ્રશ્ન કરે છે કે શું જંતર-મંતરને યાદીમાંથી દૂર કરવાનો નિર્ણય અગાઉના ન્યાયિક આદેશો અનુસાર છે.

સૌરવ દાસ-રંકાનો પોલીસે ફોન જપ્ત કર્યો

વકીલોને મળવાની મંજૂરી ન આપી; અટકાયત બાદ કોંક્રોચ જનતા પાર્ટીનો દાવો

રાજકોટ, તા. ૧૩

મંગળવારે સવારે, દિલ્હી પોલીસે કોંકરોચ જનતા પાર્ટીના મુખ્ય પ્રવક્તા, સૌરવ દાસ, આશુતોષ રંકા અને અજિંક્ય શિંદેની અટકાયત કરી. તેમના પર જંતર-મંતર પર વિરોધ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ છે. દરમિયાન, CJP ના કાનૂની વડા, રત્ના સિંહે આને કાનૂની અધિકારોનું ઉલ્લંઘન ગણાવ્યું છે અને દિલ્હી પોલીસની કાર્યવાહી પર સવાલ ઉઠાવ્યા છે. CJP નો દાવો છે કે પોલીસ સ્ટેશનમાં અટકાયતમાં રાખેલા સૌરવ દાસ, આશુતોષ રંકા અને અન્ય નેતાઓને તેમના વકીલો સાથે મળવા દેવામાં આવ્યા નથી. તેઓ એવો પણ આરોપ લગાવે છે કે દિલ્હી પોલીસે તેમના ફોન જપ્ત કર્યા છે. CJP પ્રશ્ન કરે છે કે તેમને કયા કાનૂની અધિકાર હેઠળ અટકાયતમાં રાખવામાં આવી રહ્યા છે અને તેમના વકીલોને શા માટે પ્રવેશ આપવાનો ઇનકાર કરવામાં આવી રહ્યો છે. CJP નો દાવો છે કે પોલીસ સ્ટેશનમાં



અટકાયતમાં રાખેલા સૌરવ દાસ, આશુતોષ રંકા અને અન્ય નેતાઓને તેમના વકીલો સાથે મળવાનો ઇનકાર કરવામાં આવ્યો છે. તેઓ એવો પણ આરોપ લગાવે છે કે દિલ્હી પોલીસે તેમના ફોન જપ્ત કર્યા છે. CJP એ પ્રશ્ન કર્યો કે તેમને કયા કાનૂની અધિકાર હેઠળ અટકાયતમાં રાખવામાં આવી રહ્યા છે અને શા માટે તેમના વકીલોને પ્રવેશ આપવાનો ઇનકાર કરવામાં આવી રહ્યો છે. CJP નો દાવો છે કે પોલીસ સ્ટેશનમાં વિરોધ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ છે.

સીજેપીના સ્થાપક અભિજીત દિપકીએ પણ ત્રિરંગો લઈને જંતર-મંતરમાં પ્રવેશતા વંદો સામે પોલીસ કાર્યવાહી પર સવાલ ઉઠાવ્યા હતા. દિપકાએ પૂછ્યું, ''ક્યારથી ત્રિરંગો લહેરાવવો કાયદાનું ઉલ્લંઘન બની ગયું છે? શું હવે ભારતીય ધ્વજ લહેરાવવો કાયદાનું ઉલ્લંઘન છે?'' એક્સ પર એક અલગ પોસ્ટમાં, અભિજીત દિપકાએ લખ્યું, ''તમે વિરોધ પ્રદર્શનો સમાપ્ત કરી શકતા નથી.'' ચૂંટણી પંચમાં કથિત અનિયમિતતાઓ, મત ચોરી અને મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામા અંગે CJP અને અન્ય રાજકીય સંગઠનો દ્વારા દિલ્હીમાં વિરોધ પ્રદર્શનો કરવામાં આવી રહ્યા છે. ગઈકાલે, ગૃહ મંત્રાલયે જંતર-મંતર પર વિરોધ પ્રદર્શનો પર પ્રતિબંધ મૂક્યો હતો. તેના બદલે, પૂર્વ દિલ્હીમાં રામલીલા મેદાન, બુરારી ગ્રાઉન્ડ અને CBD ગ્રાઉન્ડ પર વિરોધ પ્રદર્શનો માટે પરવાનગી આપવામાં આવી છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

આવો દર્શન કરીએ

નવદુર્ગાનાં ચોથા સ્વરૂપ કુષ્માંડાનું ધ્યાન ધરવાથી ઉગતાં સૂર્ય જેવી તેજસ્વી વધે છે



શક્તિ નાં ઘણાં સ્વરૂપ છે, પરંતુ પશુ અને માનવીને જુદી પાડતી કોઈ શક્તિ હોય તો એ બુદ્ધિ અને એ બુદ્ધિ શક્તિ દ્વારા પ્રાપ્ત થતી વિદ્યા શક્તિ છે જે ચરિત્ર નિર્માણ અને વ્યક્તિત્વને નિખારી જીવન શણગારે છે. નવદુર્ગા ના નવે સ્વરૂપમાં કોઈને કોઈ બૌદ્ધિક કે વિદ્વતાની વિશેષતા છે,જે આપણે ક્રમે ક્રમે જોઈ રહ્યા છીએ. આજે આસો નવરાત્રીનો ચોથો દિવસ એટલે કે મા નવદુર્ગાના કુષ્માંડા સ્વરૂપના પૂજન અર્ચનનો દિવસ. કુષ્માંડાની સંધિ છૂટી પાડીએ તો કુ + ઉષ્મા+અંડ, કુ એટલે થોડી, ઉષ્મા એટલે ગરમી, અને અંડ એટલે કે ઈંડા આકારની પૃથ્વી. કહેવાય છે કે જ્યારે કંઇ જ નહોતું, માત્ર ઉષ્ણ ધરા અને અંધારા હતાં, ત્યારે મા ચામુંડા એ પોતાની સંકલ્પ શક્તિ અને કલ્પના શક્તિને આધારે સૃષ્ટિનું સર્જન કર્યું, તેને આઠ હાથ છે, અને શસ્ત્રો અને માળા ધારણ કરેલી આ માતાની આરાધના કરવાથી સૂર્ય સમાન પ્રભા વલય વધે છે, એટલે કે કારણ શરીર આભા વલય વધે છે, અને તેજસ્વિતા વધે છે, બુદ્ધિ સ્થિતપ્રજ્ઞ તરફ જાય છે. આવો દર્શન કરીએમાં પણ આજે આપણે આવી જ એક માતા એટલે કે માતા ગાયત્રી માતા અને તેના એક પ્રસિદ્ધ મંદિર વિશે વાત કરીશું.

વેદમાતા ગાયત્રીની સાધનાને ઉપાસનામાં સર્વશ્રેષ્ઠ માનવામાં આવેલ છે. ગાયત્રીને દેવી તરીકે પણ પૂજા થાય છે, અને સવિતા દેવ તરીકે પણ પ્રચલિત છે. ચારે વેદોની ઉત્પત્તિ પણ મા ગાયત્રી દ્વારા થઈ હોવાનું મનાય છે, તેથી તેને વેદમાતા પણ કહે છે. બ્રહ્માના તપથી ગાયત્રી અને સરસ્વતી પ્રકટયાં, અને વળી બંનેને બ્રહ્માની પત્નીઓ માનવામાં આવી છે. એટલે જ આ મંત્રની સાધના કરનારનું જ્ઞાન વધે છે અને મા સરસ્વતી પ્રસન્ન થતા કલા કે વિદ્યાનુ વરદાન પ્રાપ્ત થાય છે. તેમજ બ્રહ્મા સૃષ્ટિનું સર્જન કરનાર દેવ હોવાથી વિવિધ સર્જન કાર્ય પણ કરી શકે છે. ગાયત્રી મંત્રની જેણે સાધના કે ઉપાસના કરી હશે, તે સર્વને તેના અનુષ્ઠાનના નિયમોનો ખ્યાલ હશે જ, કે ગાયત્રી મંત્રની સાધના બ્રહ્મમુહૂર્તથી સૂર્યોદય સુધીના સમયમાં અને તે પછીની અવધિ સૂર્યની હાજરીમાં કરવામાં આવે છે. મંત્ર સાધનાનુ ગજબનું પરિણામ આપતું આ વ્રત જીવનની સમુગળી દિશા જ બદલી દે છે, ગઈકાલ સુધી જે જીવ મોહ માયા પાછળ ઘેલો થઈ ફરતો હતો એને કાયાની માયા પણ નથી રહેતી. ઉગતા સૂર્યની તેજસ્વિતા કપાળે અંકિત થાય છે, અને લલાટમાં સમજણનું ત્રીજું નેત્ર ખુલે છે.

દેવી ભાગવતમાં ગાયત્રીની ત્રણ શકિતઓને બ્રહ્મી, વૈષ્ણવી,અને શાંભવી, સ્વરૂપમાં દર્શાવવામાં આવી છે.સવારના સમયે કુમારી (બ્રાહ્મી) સ્વરૂપે હોય છે. માતા ગાયત્રી પણ ભગવાન શંકરની જેમ પંચમુખ ધરાવે છે. એમાં ગાયત્રીનું વાહન હંસ હોય છે, અને પાંચમુખ તેમજ બે હાથ હોય છે. બપોરના સમયે યુવતી (વૈષ્ણવી)નું સ્વરૂપ માનવામાં આવ્યું છે, આ રૂપમાં તેઓ ગરુડ પર બેઠાં હોય છે, અને ત્યારે તેમને એક મોં અને ચાર હાથ હોય છે. સંધ્યા સમયે પ્રૌઢાના સ્વરૂપમાં રુદ્રાણી કે શાંભવી હોય છે,ત્યારે તેઓનું વાહન બળદ હોય છે.એ વખતે તેમને એક મોં અને ચાર હાથ હોય છે. આમ અંબાજીમાં ને બહુચરાજીમાં પણ આપણે જોયું હતું કે શરીરની ત્રણ મુખ્ય અવસ્થા પ્રમાણે ના રૂપ ને સ્વરૂપની પૂજા અર્ચના કરવામાં આવે છે.

શાસ્ત્રોના કહેવા પ્રમાણે એકવાર ભગવાન બ્રહ્મા એક યજ્ઞમાં ગયા હતા. આ યજ્ઞમાં પત્નીનું સાથે બેસવું જરૂરી હતું. પરંતુ ભગવાન બ્રહ્માંની પત્ની સાવિત્રી તેમની સાથે કોઈ કારણ ને લીધે આવી નહોતી. યજ્ઞમાં હાજરી આપવા માટે બ્રહ્માંજી એ દેવી ગાયત્રી સાથે લગ્ન કરી લીધા, અને તેની સાથે તે યજ્ઞમાં હાજર રહ્યા.માતા ગાયત્રી આ રીતે બ્રહ્માના પત્ની બન્યા.

ભારતના મધ્યપ્રદેશ ખાતે ગાયત્રી માતાનું એક રહસ્યમય મંદિર છે જેમાં ગાયત્રીની મૂર્તિ પાણીમાં તરે છે, અને તેને કારણે વિવિધ અટકળો પણ બાંધવામાં આવે છે, છતાં તે મૂર્તિ ક્યારે સ્થાપિત થઈ અને કોણે કરી એ રહસ્ય અકબંધ છે. ભગવાન નૃસિંહના પ્રસિદ્ધ મંદિરમાં નૃસિંહની મૂર્તિ પણ પાણીમાં તરે છે, અને માતા ગાયત્રીની મૂર્તિ પણ પાણીમાં તરતી હોય તેવું દ્રશ્ય અહીં મંદિરમાં છે.

દેવ કે દેવીની ત્રણ મુખ, અથવા ચાર ભુજા વાળી મૂર્તિ હોય, તે સામાન્ય વાત છે. પરંતુ આ એક પહેલી મૂર્તિ છે. જેના ત્રણ પગ છે. આ મંદિરના પુજારીના મત અનુસાર ત્રણ પગ વાળી મુર્તિ આ મંદિર સિવાય કોઈ પણ મંદિરમાં નથી. ગાયત્રીમાની આ મૂર્તિને ત્રિપદા ગાયત્રી કહેવામાં આવે છે. ભક્તોની આ મંદિરમાં આવી ને માંગવામાં આવેલી બધી મનોકામના પૂર્ણ થાય છે.

પુરા ભારત તથા ગુજરાતમાં મોટી સંખ્યામાં ગાયત્રી મંદિર આવેલા છે, અને ગાયત્રી મંત્રનો ખૂબ જ બહોળા પ્રમાણમાં તેનો જાપ થાય છે. ગાયત્રી મંત્રના જાપથી સદબુદ્ધિ આવે છે, અને બુદ્ધિ ત્રણે સ્તરે ગતિ કરે છે. આજથી લગભગ ૪૦થી ૪૫ વર્ષ પહેલા મારા સદગુરુ ભગવાન શ્રી પંડિત રામ શર્મા આચાર્ય એ યુગ નિર્માણ માટે વિચાર ક્રાંતિ અભિયાન શરૂ કર્યું, અને આ બધાં મંદિરોમાં જોરશોરથી આવી પ્રવૃત્તિ ચાલે છે.તેનુ મુખ્ય મથક હરિદ્વાર ખાતે શાંતિકુંજ છે.અહી લોકો સાધના માટે, કે રોગ ઉપચાર માટે પણ આવે છે. વ્હેલી પ્રભાતે એટલે કે બ્રહ્મ મુહૂર્તમાં ધ્યાન કરવા માટે અલગ ખંડની રચના છે, ગર્ભ સંસ્કાર માટે પણ વિધિ છે, અને આર્યુવેદની દવાનું વિતરણ તથા અગરબત્તી વગેરેનો ગૃહ ઉદ્યોગ પણ ચાલે છે,મંત્ર લેખન ઉપરાંત ગુરુદેવની નાની મોટી પુસ્તિકાનું વિતરણ પણ થાય છે. ચિંતનની ક્ષણે નો આ લેખ લખનારના પણ એ સદગુરુ દેવ છે, અને આ નિરંતર વહેતો પ્રવાહ એની કૃપાનો પ્રતાપ છે. ગાયત્રી મંત્ર, ઉપરાંત ગાયત્રી ચાલીસા અને ગાયત્રી શતક ના પણ ઘણા નિયમિત પાઠ કરે છે, અને ગાયત્રી મંત્ર જાપ કે લેખન માટે બુક વિતરણ પણ થાય છે, ખાસ કરીને ગર્ભ ધારણ કરેલી મહિલાઓ મંત્ર લેખન કરે તો આવનાર બાળક સ્વસ્થ, સુંદર અને સૌમ્ય જન્મે.

મા જગતજનનીનું ગમે તે સ્વરૂપ હોય, પણ તેના દર્શન માત્રથી પતિત ભાવ મીટે છે, અને પુનીત પ્રગટે છે. તેના નિત્ય સ્મરણથી જીવનમાં બળ બુદ્ધિ વધે છે અને વિશિષ્ટ સાધના કે આરાધનાથી વિદ્યાના વરદાન પ્રાપ્ત થાય છે. આપણે સૌ પણ આ નવરાત્રી એ મા જગત જનનીના સાનિધ્ય ને હૈયામાં પામીએ, અને આપણાં આવાં ઐતિહાસિક વિરાસત ધરાવતા મંદિરોનાં દર્શન કરી જીવન ધન્ય બનાવીએ. જય અંબે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

શાંત શહેરમાં ગમે ત્યારે સર્જાય જાય છે અશાંતિઃ નહિ જેવી વાતે ઢળી ગઇ વધુ એક લોથ

આસ્થા ચોકમાં મવડીના યુવાનની છરી ઝીંકી હત્યા

અઠવાડીયા પહેલા વાહન અડી જવા જેવી વાતે બોલાચાલી થઇ હતીઃ સમાધાન કરવા બોલાવી છાપેલા કાટલા સમાન રાધે, કાના સહિતે પતાવી દીધોઃ પોલીસની ટીમોએ આરોપીઓને શોધવા શરૂ કરી દોડધામ


રાજકોટ, તા.૧૩

શાંત શહેર રાજકોટમાં નાની નાની વાતે ગમે તેની ગમે ત્યારે લોથ ઢળી રહી છે. વધુ એક હત્યા થઇ ગઇ હતી. જેમાં મવડી ગામમાં પાળ રોડ પર રહેતાં યુવાનને મોડી રાતે ૧૫૦ ફુટ રીંગ રોડ ડો. આંબેડકર સર્કલ આસ્થા ચોક પાસે નામીચા શખ્સ સહિતનાએ જુની અદાવતનો ખાર રાખી છરીના ઘા મારી પતાવી દીધો છે. અઠવાડીયા પહેલા વાહન અથડાવવા મામલે થયેલી બોલાચાલીના ડખ્ખાના સમાધાનની વાત કરવા બોલાવાયા બાદ છરીના ઘા ઝીંકી દેવાયા હતાં. પીઠ, પેટ, પગના ભાગે ઘા મારવામાં આવતાં તેને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ સવારે દમ તોડી દીધો હતો. પોલીસે હત્યારાઓને શોધી કાઢવા દોડધામ શરૂ કરી હતી.

વિગતો જોઇએ તો શરૂઆતમાં માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી. બાદમાં ઘટના તાલુકા પોલીસની હદમાં હોવાનું સ્પષ્ટ થતાં આગળની કાર્યવાહી તાલુકા પોલીસે કરી હતી. યુવાન દિકરાની હત્યાથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. વધુ માહિતી અનુસાર મવડી પાળ રોડ પર આવેલી મીરાબાઇ આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં અઠ્ઠાવીસ વર્ષના પરેશભાઇ ડાભાભાઇ ચૌહાણ નામના યુવાન પર રાત્રીના દોઢેક વાગ્યા આસપાસ તે ૧૫૦ ફુટ રીંગ રોડ પર ડો. બાબાસાહેબ આંબેડકર સર્કલ નજીક આસ્થા ચોકમાં હતો ત્યારે અજાણ્યા શખ્સોએ છરીથી હુમલો કરી ગંભીર ઇજાઓ પહોંચાડતાં સારવાર માટે ગિરીરાજ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.



બનાવની જાણ હોસ્પિટલ મારફત માલવીયાનગર પોલીસને થતાં પીઆઇ જે. એમ. કૈલા, ઇન્વે. પીએસઆઇ તેમજ રાઇટર મહેશભાઇ રૂદાતલા સહિતના સ્ટાફે હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી હતી. પરેશભાઇ બેભાન હોઇ તેની પૂછા થઇ શકી નહોતી. પરેશભાઇના મિત્રોએ પોલીસને કહ્યું હતું કે પરેશભાઇ તથા પોતે બેઠા હતાં ત્યારે રાધે, કાનો અને અજાણ્યા શખ્સો આવ્યા હતાં અને પરેશભાઇને તેની અટક પુછી હતી. બાદમાં ચૌહાણ અટકવાળા સાથે પોતાને વાંધો છે તેમ કહી ઝઘડો કરી છરીના ઘા પીઠ, પેટ, પગના ભાગે મારી દીધા હતાં. દેકારો થતાં લોકો ભેગા થઇ જતાં આ બધા ભાગી ગયા હતાં. બાદમાં પરેશભાઇને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતાં.



જો કે પોલીસને આવુ કારણ ગળે ન ઉતરતા તપાસ ચાલુ રાખી હતી. આરોપીઓ રાધે, કાનો ઉર્ફે અનિલ સહિતના આંબેડકરનગરમાં જ રહે છે અને રાધે નામચીનની છાપ પણ ધરાવે છે. માલવીયાનગર પોલીસે તપાસ આગળ ધપાવી હતી. બાદમાં ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરતાં આ હદ તાલુકા પોલીસની હોવાનું સ્પષ્ટ થતાં આગળની તપાસ તાલુકા પીઆઇ એસ. આર. મેઘાણી, પીએસઆઇ બી. આર. ભરવાડ, દિપકભાઇ રાઠોડ સહિતે હાથ ધરી હતી. આ દરમિયાન સારવારમાં રહેલા પરેશભાઇ ચૌહાણે સવારે દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો. આરોપીઓને શોધી કાઢવા ક્રાઇમ બ્રાંચ, એલસીબી ઝોન-૨ ટીમ પણ સામેલ થયા હતાં. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ અઠવાડીયા પહેલા પરેશભાઇ પાળ મવડી રોડ પરથી પસાર થઇ રહ્યો હતો.



આ વખતે વાહન અડી જવા જેવી વાત બોલાચાલી થઇ હતી. તેનો ખાર રાખી સમાધાનની વાત કરવા આસ્થા ચોકમાં બોલાવાયા બાદ રાધે સહિતનાએ છરીના ઘા મારી દીધા હતાં. હત્યા બાદ ભાગી ગયેલા આરોપીઓને શોધી કાઢવા ટીમો કામે લાગી હતી. વધુ વિગત મુજબ હત્યાનો ભોગ બનનાર પરેશભાઇ ચૌહાણ બે ભાઇમાં નાનો અને અપરિણીત હતો. તેના મોટા ભાઇનું નામ નરેન્દ્રભાઇ ચૌહાણ છે. પિતા ડાભાભાઇ ચૌહાણ કંપનીમાં કામ કરે છે અને પરેશભાઇ બેકરીમાં કામ કરતો તેમજ લોન કન્સ્લ્ટન્સીનું કામ કરતો હોવાનું જણાવાયું હતું. યુવાન દિકરાની હત્યાથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હત્યાની વધુ એક ઘટનાને પગલે શહેર પોલીસમાં દોડધામ મચી ગઇ હતી.

સામુ જોવા મામલે જામી પડી

યુવાન પર ત્રણ જણા છરીથી તૂટી પડ્યા

હાથમાં એક ઘા તો એવો લાગ્યો કે માંસનો લોચો નીકળી ગયો

રાજકોટ તા. ૧૩

માણસોને માથાકુટ કરવી હોય તો કોઇપણ કારણ હોય બબાલ મચાવી દેતાં હોય છે. સામુ જોવા મામલે વધુ એક ડખ્ખો થયો હતો. જેમાં કુબલીયાપરામાં રહેતાં ત્રીસ વર્ષના મનીષ ઉર્ફે મનીયો મનસુખભાઇ રાઠોડને સામુ કેમ જોવે છે કહી મહેશ જીતુભાઇ સોલંકી, ટકો મહેશ સોલંકી અને કૃણાલ ઉર્ફે પબાએ અપશબ્દો કહી છરી અને તલવારના ઘા ઝીંકી ઇજા કર્યાની થોરાળા પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાવાઇ હતી. આજીડેમ ચોકડી પાસે જીવરાજનગર મફતીયાપરામાં રહેતા મુળ લાલપુરના હરીપર ગામના મનીષ ઉર્ફે મનીયાએ આજીડેમ પોલીસમાં નોંધાવી હતી.

તેણે ફરીયાદમાં જણાવ્યુ કે તે તેના મિત્ર હસમુખ ઉર્ફે કાળુ મકવાણા (રહે.ભગવતીપરા) સાથે તેની માસીની દિકરી આરતીબેન કે જે કુબલીયાપરા મેઇન રોડ પર ખોડીયાર માતાજીના મંદિર પાસે રહે છે. તેના ઘરે જવા રવાના થયા હતા. જયા તે ખોડીયાર માતા અને મેલડીમાતાના મંદીર પાસે ઓટા ઉપર બંને બેઠા હતા ત્યારે વહેલી સવારે ત્યા ધસી આવેલા મહેશ સોલકીના પુત્ર ટકા અને તેના મામા કૃણાલે અમારા સામુ કેમ જોવો છો કહી બોલાચાલી કરી ત્યાંથી જતા રહયા હતા. મિત્ર હસમુખ ઉર્ફે કાલુ છોડાવવા વચ્ચે પડતા તેને પણ મારવા જતો તે ભાગી ગયો હતો. બાદમાં તે પણ ગામે તે રીતે બચીને ત્યાથી ભાગી રોડ પર પહોંચી પરિચીતોને ફોનથી વાત કર્યા બાદ તેને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો.

રાજકોટ એસઓજી પછે હવે ગ્રામ્ય એસઓજીએ કરી આ કામગીરીઃ તારાપુરથી વેંચવા આવ્યા હતાં

પડધરીમાં એક કરોડના એમ્બરગ્રીસ સાથે છ પકડાયા

પચ્ચીસ લાખમાં જથ્થો વેંચવાનું નક્કી થયું હતુંઃ લેતીદેતી થતી હતી ત્યાં જ પોલીસ ત્રાટકી

રાજકોટ તા. ૧૩

શહેર પછી હવે રાજકોટ જીલ્લામાં ગ્રામ્ય એસઓજીએ એમ્બર ગ્રીસ પકડવાની કામગીરી કરી હતી. પડધરી પાસે ૧.૦૧ કરોડની વ્હેલ માછલીની ઉલ્ટી-એમ્બર ગ્રીસનો જથ્થો ૬ શખ્સો વેંચે તે પૂર્વે જ રૂરલ એસઓજીએ ઝડપી લઇ કુલ ૧.૧૦ કરોડનો મુદામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી. રૂરલ એસઓજી એસ.ઓ.જી. શાખાના અધિકારી તથા કર્મચારીઓ પડધરી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા જે દરમ્યાન એ.એસ.આઇ. ફિરોજભાઇ દાદમહમદભાઇ બ્લોચને મળેલી બાતમીથી આ કામગીરી થઇ હતી.

વિગતો અનુસાર ખાનગીરાહે હકિકત મળેલ કે ભાનુભાઇ મેલાભાઇ ચાવડા તથા મેહુલભાઇ જગદીશભાઇ રાઠોડ રહે. બંન્ને મોરબી પોતાની ફોરવ્હિલ કાર લઇ પડધરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં વ્હેલ માછલીની ઉલ્ટી (એંબરગ્રીસ) લઇને રાજકોટ-પડધરી નેશનલ હાઇવે ઉપર આવેલ માધવ હોટલ પાસે લેતીદેતી કરવા આવી રહ્યા છે. આ હકિકત પરથી વોચ રાખી કારને આંતરી લેવાઇ હતી.



અંદર બેઠેલા શખસોની પુછતાછ કરી તપાસ કરતાં તેમની પાસે રહેલી પ્લાસ્ટિકની થેલીમાં વ્હેલ માછલીની ઉલ્ટી (એંબરગ્રીસ) ૧ કિલો ૨૦ ગ્રામ કિ.૧,૦૧,૨૦,૦૦૦/-નો જથ્થો મળી આવતા ઉકત બન્ને સહિત કુલ ૬ શખ્સોને ઝડપી લીધા હતા. રૂરલ એસઓજીએ આરોપીઓ મેહુલભાઇ જગદીશભાઇ રાઠોડ રે.મોરબી, જનકપુરી સોસાયટી, બ્લોક નં.૫૦, માળીયા હાઇવે રોડ ઉપર તા.જી.મોરબી, ભાનુભાઇ ઉર્ફે ભાવેશભાઇ ચાવડા રે.મોરબી, ઉમીયાનગર પાછળ, કેનાલ રોડ, મિતેશભાઇના મકાનમાં ભાડેથી મુળ ઇંદ્રણજ તા.તારાપુર જી.આણંદ, વિજયસિંહ નારૂભા ઝાલા ધંધો મજુરી રહે. મોરબી-૨, સો-ઓરડી શેરી નં.૧૦ તા.જી.મોરબી, પ્રશાંતભાઇ દિલીપભાઇ જાટ જામનગર, સાત રસ્તા સર્કલ, સુઝીકી શો-રૂમની બાજુમાં તા.જી.જામનગર, ધર્મેંદ્રસિંહ રાજેન્દ્રસિંહ કંચવા રે. સીક્કા, મુંગણી રોકડીયા હનુમાન મંદિરની સામે તા.જી.જામનગર તથા સાવનભાઇ ભરતભાઇ જાટ રે.જામનગર, સાત રસ્તા સર્કલ, ડી.સી.સી. હાઇસ્કુલની પાછળના ભાગે જી. જામનગરને પકડી લીધા હતાં.

આ શખ્સો પાસેથી વ્હેલ માછલીની ઉલટી (એમ્બરગ્રિસ) ૧ કિલો ૨૦ ગ્રામ ૧,૦૧,૨૦,૦૦૦/- મોબાઇલ ફોન ૦૬ રૂા. ૬૦,૦૦૦, સલેરીયા કાર જીજે-૩૬-એસી-૩૭૩૮ ૫,૦૦,૦૦૦- તથા ઇકો કાર જીજે-૦૫-સીઇ-૩૭૦૮ ૪,૦૦,૦૦૦ મળી કુલ ૧,૧૦,૮૦,૦૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ આરોપી ભાનુ ઉર્ફે ભાવેશ ચાવડા આ વ્હેલ માછલીની ઉલ્ટીનો જથ્થો તારાપુરથી વેચવા માટે લાવ્યો હતો અને મોરબીના મેહુલ વિગેરે સાથે મળી સિક્કાના ધર્મેન્દ્રસિંહને ૨૫ લાખમાં વેચવાનું નક્કી કર્યુ હતું.

પડધરી પાસે વ્હેલ માછલીની લેતી દેતી થાય તે પુર્વે જ રૂરલ એસઓજીએ ત્રાટકી છ શખ્સોને ઝડપી લીધા હતા. સિકકાનો ધર્મેન્દ્રસિંહ આ વ્હેલ માછલીનો જથ્થો અન્ય શખ્સને વેચવાનો હોવાનું ખુલ્યું હતું. આ કાર્યવાહી રૂરલ એસઓજીના પો.ઇન્સ. એફ.એ. પારગી, પો.સબ.ઇન્સ. જી.જે. ઝાલા, પો.સબ.ઇન્સ. પી.બી.મિશ્રા તથા એ.એસ.આઇ. ફિરોજભાઇ દાદમહ મદભાઇ બ્લોચ, અ.પો.કો. વિજયગિરી ગોસ્વામી, નિર્મળસિંહ ચુડાસમા, વિપુલભાઇ ગોહિલ, રણજીતભાઇ ધાંધલ, કલ્પેશભાઇ કોઠીવાર, નવદિપભાઇ બાબરીયા તથા ડ્રાઇવર એ.એસ.આઇ. અમુભાઇ વિરડા દ્વારા કરવામાં આવી હતી.

દારૂ-બીયર સાથે ચાર ઝડપાયા

ગાંધીગ્રામ, એ-ડિવીઝન, પ્ર.નગર પોલીસના દરોડા

રાજકોટઃ દારૂના દરોડા યથાવત રહ્યા હતાં. શહેરમાં એ-ડીવીઝન, પ્ર-નગર અને ગ્રાંધીગ્રામ પોલીસે આરએમસી ચોક પાસે, રેલનગરમાં અને જામનગર રોડ પર બે સ્થળે મળી કુલ ચાર સ્થળે દરોડા પાડી બીયર, વ્હીસ્કી અને વોડકાની બોટલો સાથે બે મહિલા સહિત ચારને ઝડપી લઇ કાર્યવાહી કરી હતી. જેમાં એ-ડીવીઝન પોલીસના હેડ કોન્સ. કરણભાઇ વિરસોડીયા, કોન્સ. ધવલભાઇ જીલડીયા સહિતે ઢેબર રોડ પર આરએમસી ચોક પાસેથી કલ્પેશ સુરસીંગભાઇ ડોડીયા (લક્ષ્મીવાડી કવાર્ટર૨) ને ઝડપી રૂા. ૧૨૦૦ના બીયરના ૬ ટીન અને સ્કુટર સહિત રૂા. ૪૧,૨૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે બીજા દરોડામાં પ્ર.નગર પોલીસના હેડ કોન્સ. સી.બી. ખવડ, કોન્સ. તૌફિકભાઇ મધરા સહિતના સ્ટાફ રેલનગરમાં કુગસીયા ચોક પાસેથી છાત્ર મોહિત વિનોદભાઇ પરમાર રહે. જય જવાન જય કિશાન સોસાયટી, મોરબી રોડ ને રૂા. ૮૦૦ ની કિંમતની મેજીક મુમેન્ટ જામૂન સ્પાઇસી મીન્ટની ૪ બોટલ સાથે ઝડપી લીધો હતો. તેમજ ત્રીજા દરોડામાં ગાંધીગ્રામ પોલીસના એ.એસ.આઇ. ચેતનસિંહ ગોહીલ, કોન્સ. સતીષભાઇ લાવડીયા સહિતના સ્ટાફે જામનગર રોડ પર સાંઢીયાપુલ પાસે રેલ્વે અંડરબ્રીજ નજીકથી હસીના સોહીલભાઇ મમુના (ઘંટેશ્વર રખવારીયા કવાર્ટર ને રૂા. ૧૮૦૦ ની કિંમતના વ્હીસ્કીના ૧૨ ચપલા સાથે પકડી લીધી હતી. તેમજ ચોથા દરોડામાં જયારે જામનગર રોડ પર રેલ્વે કોલોની પાસેથી કારી નસીબભાઇ ચૌહાણ (ઉ.વ.૨૫) રહે. ઘંટેશ્વર ૨૫ વારીયાને પણ રૂા. ૧૮૦૦ ના દારૂના ૧૨ ચપલા સાથે પકડી કાર્યવાહી કરી હતી.

વધુ એક વખત માદક દ્રવ્યોની હેરાફેરીનો એસઓજીની ટીમે પર્દાફાશ કર્યોઃ બેડી ચોકડી નજીક કાર્યવાહી

મેફેડ્રોન ડ્રગ્સ સાથે ગીરના બે શખ્સને પકડાયા

શહેર એસઓજીએ અડધા લાખનો માદક પદાર્થ કબ્જે કર્યોઃ અમદાવાદથી લાવ્યાનું રટણઃ રીમાન્ડ મેળવવા તજવીજ

રાજકોટ, તા.૧૩

શહેરમાં દારૂના નશાની જેમ માદક પદાર્થનો નશો કરનારા પણ વધી ગયા હોય તેમ અવાર-નવાર પોલીસ એસઓજીની ટીમો માદક પદાર્થ સાથે પેડલરો, સપ્લાયરોને પકડતી રહે છે. વધુ એક વખત એસઓજીએ મેફેડ્રોન ડ્રગ્સ સાથે બે શખ્સને પકડી લીધા હતાં. આ બને ગીર સોમનાથ પંથકના છે અને શહેરના ભગવતીપરાથી બેડી ચોકડી તરફ જવાના રોડ ઉપરથી એસઓજીએ બાતમીના આધારે દરોડો પાડી પકડી લીધા હતાં. આ બંને અમદાવાદ તરફથી માદક પદાર્થ લાવી રાજકોટમાં ઘુસે એ પહેલા ભાગળો દબોચી લેવાયા હતા.

વિગતો જોઇએ તો આ બંને અગાઉ પણ માદક પદાર્થના ગુનામાં સંડોવાઇ ચુક્યા છે. મુળ ગીર સોમનાથ પંથકના શખ્સ સહિત બે શખ્સોને પદ હજારના ૧૮ ગ્રામ કરતા વધુના મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી લઇ વધુ તપાસ માટે રિમાન્ડની તજવીજ કરવામાં આવી હતી. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ બી.બી.બસીયાની 'સેય નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત માદક પદાર્થનું ખરીદ વેચાણ કે સેવન કરનાર શખ્સો સામે કડક કાર્યવાહી કરવા આપેલી સુચનાને પગલે એસઓજી પીઆઇ એન.બી.ચૌધરીની રાહબરીમાં પીએસઆઇ આર.કે.ગોહીલના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી.

આ વખતે હેડકોન્સ. ઉપેન્દ્રસિંહ ઝાલા, જયદીપસિંહ ચૌહાણ, કોન્સ. યશપાલસિંહ ગોહીલને સંયુકત બાતમી મળી હતી કેઅગાઉ એન.ડી.પી.એસ.ના કેસમાં પકડાયેલો મૌલીક જેઠવા અને તેની સાથેનો શખ્સ કાર લઇને બેડી ચોકડીથી ભગવતીપરા તરફના રસ્તે આવેલા બાપા સીતારામ ટી સ્ટોલ પાસે આવ્યા છે જેની પાસે માદક પદાર્થોનો જથ્થો છે. જે બાતમીના આધારે



પોલીસે તે સ્થળે વોચ ગોઠવી હતી થોડીવાર બાદ મોડી રાત્રે બાતમી મુજબની કાર નિકળતા તેને અટકાવી પુછતાછ કરતા કાર ડ્રાઇવરે પોતાનું નામ ગૌરાંગ અશોકભાઇ પરડવા (ઉ.વ.૩૨ રહે. એલીના એન્ટકલેવ એપાર્ટમેન્ટ, ભાડેથી, જીવરાજ પાર્ક, મુળ વેરાવળ, તા.ગીર સોમનાથ અને તેની સાથેના શખ્સે પોતાનું નામ મૌલીક અશોકભાઇ જેઠવા (ઉ.વ.૨૯ રહે. આશીયાના બિલ્ડીંગ, ભાડેથી, ગોલ્ડન પાર્ક, નાનામવા મેઇન રોડ મુળ વેરાવળ, તા. ગીર સોમનાથ હોવાનું જણાવ્યું હતું.

પોલીસે તેની અને કારની ઝડતી કરતાં તેમાંથી રૂા. ૫૬,૩૧૦ ની કિંમતની ૧૮.૭૭ ગ્રામ મેકડ્રોનનો જથ્થો મળી આવતા પોલીસે ડ્રગ્સ ઉપરાંત બે મોબાઇલ, કાર અને રોકડ સહિત કુલ રૂા. ૬.૬૬ લાખનો મુદામાલ કબ્જે કરી બંનેની પુછતાછ શરૂ કરી હતી. પોલીસે જણાવ્યુ કે, આરોપી મૌલીક આજ વર્ષમાં અગાઉ પણ મેફેડ્રોન ડ્રગ્સ કેસમાં સંડોવાઇ ચૂકયો છે. તે તાજેતરમાં બે-ત્રણ માસ પહેલા જ જામીન પર છૂટયો હતો. બાદમાં તેના મિત્ર એવા આરોપી ગૌરાંગ સાથે તેની કારમાં અમદાવાદ મેફેડ્રોન લેવા ગયો હતો. ત્યાંથી બંને પરત ફરી રહ્યા હતા ત્યારે બાતમીના આધારે તેમને દબોચી લેવાયા હતાં. હાલ આ ડ્રગ્સનો જથ્થો તે અમદાવાદમાં કોની પાસેથી લાવ્યા હતા અને કોઇને આપવાનો હતો કે કેમ ? તે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

માદક પદાર્થ પકડી લેવાની આ કામગીરી પીઆઇ એન. બી. ચૌધરી, એસઓજી શાખાના પો. સ. ઇ. આર. કે. ગોહીલ, એએસઆઇ અરૂણભાઇ બાંભણીયા, પો. હેડ કો. જયદીપસિંહ ખુમાનસિંહ ચૌહાણ, ઉપેન્દ્રસિંહ જયવીરસિંહ ઝાલા, પો. કો. યશપાલસિંહ પ્રવિણસિંહ ઝાલા, ડ્રાઇવર પો. હેડ કો. મહાવીરસિંહ રતુભા જોડેજા, ડ્રા. પો. કો. નિર્મળસિંહ જયેન્દ્રસિંહે કરી હતી. જયારે પ્રાથમક પરીક્ષણ કરી અભિપ્રાય એફ. એસ. એલ. અધિકારી કે. એમ. તાવીયાએ આપ્યો હતો. બંનેની વિશેષ પુછતાછ માટે રીમાન્ડ મેળવી પોલીસ આ પદાર્થ કોની પાસેથી લાવ્યા? કોને આપવાનો હતો? સહિતની વિગતો ઓકાવશે.

રહસ્યના આટાપાટા અને ખળભળાટ સર્જતી ઘટનાઃ કુવાડવા રોડ શહિદ ઉધમસિંહ ટાઉનશીપમાં બનાવ

માસુમાને પાંચમા માળેથી ફેંકી હત્યા!

ત્રણેક દિવસથી કોઈ વિકૃત શખ્સ ફ્લેટ ધારકોના બહાર સુકાતા કપડા, બહાર રાખેલા ચપ્પલ સહિતની ચીજવસ્તુ નીચે ફેંકી ભાગી જતો હતોઃ બાળકીના મોતની ઘટના પહેલા જ બે કુલછોડના કુંડા ફેંકી દીધા હતાંઃ બાળકી કદાચ આ શખ્સને જોઈ જતાં તેણે બાળકીને ચૂપ કરવા ફેંકી દીધાની બાળકીના નાનાને શંકાઃ બી-ડિવીઝન પોલીસે ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો

રાજકોટ, તા.૧૩

શહેરમાં વધુ એક ખળભળાટમ અને ચકચાર જગાવતી ઘટના બની છે. જેમાં એક બે વર્ષ અને ચાર મહિનાની ઉમર ધરાવતી માસુમ બાળકીની કોઇએ પાંચમા માળેથી ફેંકીને હત્યા કરી નાંખી છે. કુવાડવા રોડ પર ડી માર્ટ પાછળ આવેલી શહિદ ઉધમસિંહ ટાઉનશીપમાં આ ઘટના બની હતી. સી-વિંગમાં પાંચમા માળેથી બે વર્ષની એક ફૂલડા જેવી બાળાને ફેંકી દઇ કોઇ વિકૃત શખ્સે મોતને ઘાટ ઉતારી દેતાં ચકચાર મચી જવા પામી હતી. આ બાળાના પિતા સંત કબીર રોડ પર રાજારામ સોસાયટીમાં રહે છે. માતા-પિતા વચ્ચે મનમેળ ન હોઇ માતા એક વર્ષથી રિસામણે આવી હોઇ બાળા માતા, નાના-નાની, મામા-મામી સાથે અહિ રહેતી હતી. સાંજે તે નાનાના પાંચમા માળના ફ્લેટથી છઠ્ઠા માળે રહેતાં પરિવારની બાળકી સાથે રમવા જવા માટે ઘરમાંથી નીકળી એ પછી આ ઘટના બની હતી. પોલીસે ઘટના સ્થળે તપાસ કરતાં પ્રાથમિક દ્રશ્ષ્ટીએ આ ઘટના હત્યાની જ હોવાનું જણાતાં ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

વિગતો જોઇએ તો મૃતક બાળકીના નાનાએ શંકા દર્શાવી છે કે ત્રણેક દિવસથી કોઇ વિકૃત શખ્સ ફ્લેટધારકોના કપડા સુકાતા હોય તો તે અથવા ચપ્પલ કે પછી કુલછોડના કુંડા ઉપાડી નીચે ફેંકી દે છે. આ શખ્સને અમે શોધી રહ્યા હતાં. ગત સાંજે બાજુના વૃધ્ધાના બે કુંડા ફેંકી દેવાયા હતાં. કદાચ મારી માસુમ દોહિત્રી આ દ્રશ્ય જોઇ ગઇ હોઇ આ વિકૃત શખ્સે તેને ફેંકી દીધાની શંકા છે. વધુ માહિતી અનુસાર કુવાડવા રોડ ડી માર્ટ પાછળ સી-વિંગમાં પાંચમા માળે ફ્લેટ નં. ૫૦૪માં રહેતાં જગદીશભાઇ બાબુભાઇ પરસોડા-કોળીની દિકરીની દિકરી એટલે કે દોહિત્રી સ્નેહલ સંજયભાઇ વશરામભાઇ સાકરીયા (ઉ.વ.૨ વર્ષ ૪ મહિના)નું પાંચમા માળેથી નીચે પટકાતાં ગંભીર ઇજા થતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયું હતું. સાંજે સાતેક વાગ્યે આ ઘટના જાહેર થતાં સમગ્ર ટાઉનશીપમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

બાળકી જ્યાંથી નીચે પડી તે જગ્યાએ ચારેક ફુટ જેવી ઉંચી દિવાલ છે, આ દિવાલ પર માસુમ બાળકી કોઇ કાળે જાતે ચડી શકે નહિ. આ જોતાં તેણીને કોઇએ ઉંચકીને ફેંકી દીધાની દ્રઢ શંકા નાના જગદીશભાઇ, મામા સહિતે દર્શાવતાં ઘટના સ્થળે બી-ડિવીઝન પોલીસ







બાળાની માતા એક વર્ષથી રિસામણે હોઇ બાળા નાના-નાનીના ઘરે રહેતી હતીઃ તેના પિતા સંત કબીર રોડ શક્તિ સોસાયટીમાં રહે છેઃ એકની એક દિકરીના મોતથી કાળો કલ્પાંત

ઇન્સપેક્ટર જી. આર. ચૌહાણ અને ટીમે પહોંચી ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. પંચનામાની કાર્યવાહી બાદ બાળકીના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં સવારે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ હાથ ધરવામાં આવ્યું હતું. ઘટનાની વધુ વિગતો જણાવતાં મૃતક બાળાના નાના જગદીશભાઇ પરસોડાએ વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે-મારી દિકરી પૂનમબેન સંત કબીર રોડ રાજારામ સોસાયટી પાસે શક્તિ સોસાયટીમાં સાસરે છે.

તેણીના લગ્ન ત્રણ વર્ષ પહેલા સંજયભાઇ વશરામભાઇ સાકરીયા સાથે થયા છે. જમાઇ સંજયભાઇ ડ્રાઇવીંગ કરે છે. તેણીને સંતાનમાં એક દિકરી સ્નેહલ હતી. જેની ઉમર બે વર્ષ અને ચાર મહિના હતી. મારી દિકરી પૂનમબેન અને તેણીના પતિ સંજયભાઇ વચ્ચે મનમેળ ન હોઇ જેથી દિકરી એક વર્ષથી મારા ઘરે શહિદ ઉધમસિંહ ટાઉનશીપમાં મારી સાથે રહેતી હતી. અમે આ ટાઉનશીપમાં નવ વર્ષથી રહીએ છીએ. મારી સાથે મારા પત્નિ, દિકરો, પૂત્રવધૂ પણ રહે છે. અમારી બાજુમાં એક વૃધ્ધા વર્ષાબેન બ્રાહ્મણ રહે છે. એક માળમાં ૮ ફ્લેટ આવેલા છે. મારી દોહિત્રી સ્નેહલ અમારા ઉપરના માળે રહેતાં પરિવારમાં એક બીજી નાની દિકરી હોઇ જેથી અવાર-નવાર તેની સાથે રમવા માટે પાંચમા માળેથી છઠ્ઠા માળે જતી હતી. સોમવારે સાંજે સાતેક વાગ્યે દોહિત્રી સ્નેહલ અમારા ઘરમાંથી ઉપરના માળે રમવા જવા માટે નીકળી હતી. એ પછી થોડી જ મિનીટો બાદ એક બાળક સ્નેહલ પડી ગઇ એવુ કહેવા આવ્યો હતો.

અમે દોટ મુકી છઠ્ઠા માળ તરફ ગયા ત્યારે ખબર પડી હતી કે સ્નેહલ દાદરા પર નથી પડી પરંતુ તે પાંચમા માળેથી નીચે ફેંકાઇ ગઇ છે. આ વિચાર જ અમને ચોંકાવી ગયો હતો. કારણ કે ચાર ફુટથી વધુ ઉંચાઇની દિવાલની પાળી સુધી આવડી નાનકડી બાળકી કોઇપણ સંજોગામાં પહોંચી શકે નહિ. આ જોતાં તેણીને કોઇએ નીચે ફેંકી દીધાની અમને દ્રઢ શંકા ઉદ્દભવી હતી. પોલીસે પણ ઘટના સ્થળનું પરિક્ષણ કરતાં તેમને પણ ઘટના હત્યાની હોવાનું લાગ્યું હતું. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ આગળ કાર્યવાહી થશે. બાળકીના નાના જગદીશભાઇ પરસોડાએ વધુમાં જણાવ્યું હતું કે અમારા પાંચમા માળના ફ્લેટના રહેવાસીઓ સાથે છેલ્લા ત્રણ દિવસથી કોઇ અજીબ હરકતો કરી રહ્યું છે.

અહિ અમારા કપડા કે ચાદર, ગોદડા બહાર સુકવ્યા હોય તો તે લઇને કોઇ નીચે અથવા પાછળના પાર્ટી પ્લોટમાં ફેંકી દે છે. ચપ્પલ બહાર હોય તો એ પણ ફેંકી દે છે. આવુ કરીને કોઇ વિકૃત આનંદ મેળવી રહ્યું હોઇ તેવુ લાગે છે. સાંજે સાતેક વાગ્યે મારી દોહિત્રી ઉપરના માળે રમવા માટે જવા નીકળી તે પહેલા જ બાજુવાળા વર્ષાબેન બ્રાહ્મણના કુલછોડના બે કુંડા કોઇએ નીચે ફેંકી દીધા હતાં. કદાચ મારી માસુમ દોહિત્રી આ કુંડા ફેંકનારા શખ્સ કે જે કોઇ હોઇ તેને જોઇ જતાં તેણે મારી દોહિત્રીને ફેંકી દીધાની શંકા નકારી શકાતી નથી.

ત્રણેક દિવસથી અમારા બધા ફ્લેટ ધારકોના કપડા, ચપ્પલ, કુંડા ફેંકી દેવામાં આવતાં હોઇ અમે અમારા ફ્લેટના દરવાજા બહાર કેમેરા ફીટ કરવાનું નક્કી કર્યુ હતું. ગઇકાલે જ મેં મારા દિકરાને કેમેરાને કહી કેમેરા પણ મંગાવી લીધા હતા. આજે ફીટ કરવામાં આવે એ પહેલા જ મારી દોહિત્રી સાથે આ ઘટના બની ગઇ હતી. પોલીસને પણ આ ઘટના હત્યાની જ હોવાનું જણાઇ રહ્યું છે. પણ હત્યા કોણે શા માટે કરી? તે અંગે હાલ કોઇ કડી ન હોઇ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. વિંગમાં નીચેની સાઇડ કેમેરા છે, ઉપર ક્યાંય કેમેરા નથી. આથી કોણે આ ઘટનાને અંજામ આપ્યો? એ શોધવુ હાલ અત્યંત કઠીન છે. ઉચ્ચ અધિકારીઓની રાહબરીમાં બી-ડિવીઝન ઇન્સપેક્ટર જી. આર. ચૌહાણ, ડી. સ્ટાફ ટીમે તપાસનો ધમધમાટ યથાવત રાખી ભેદ ઉકેલવા ધમધમાટ આદર્યો છે.


ગૂમ થયેલા રાજકોટના ધમલપરના આધેડની સીમમાંથી લાશ મળી

બે દિવસની શોધખોળ બાદ પરિવારને મૃતદેહ સ્વરૂપે મળતાં શોકની કાલીમાઃ વાડીના શેઢે ફેન્સીંગમાંથી વિજકરંટ લાગી ગયાનું તારણ

રાજકોટ તા. ૧૩

અપમૃત્યુની એક ઘટનામાં કુવાડવા તાબેના ધમલપર ગામે રહેતાં માનસિક અસ્વસ્થ આધેડે ઘરેથી નીકળી ગયા બાદ ગૂમ થઇ જતાં પરિવારજનોએ શોધખોળ બાદ કુવાડવા રોડ પોલીસમાં ગૂમની નોંધ કરાવી હતી. આ દરમિયાન તેમની લાશ ધમલપર સમશાન પાસે સોખડા નજીક વાડીના શેઢેથી મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તેમને અહિ વીજતાર ફેન્સીંગમાંથી કરંટ લાગતાં મૃત્યુ થયાનું પ્રાથમિક તારણ નીકળ્યું હતું.

વિગતો જોઇએ તો ધમલપર ગામે રહેતાં વિનોદભાઇ કેશાભાઇ ધોળકીયા નામના પિસ્તાલીસ વર્ષના આધેડ પરમ દિવસે ઘરેથી નીકળી જતાં તેમના દિકરા જયેશભાઇ ધોળકીયાએ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં પોતાના પિતા વિનોદભાઇ ધોળકીયા માનસિક અસ્થિરતાને કારણે ગૂમ થઇ ગયાની નોંધ કરાવતાં હેડકોન્સ. ઉર્મીબેનએ તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન ગત રાતે એકાદ વાગ્યે ધમલપર ગામના સ્મશાન પાસે સોખડા નજીક



વાડીના શેઢે એક પુરૂષની લાશ પડી હોવાની જાણ થઇ હતી.

આ અંગે તાલુકા પંચાયતના ભરતભાઇ ડાભીને થતાં તપાસ કરાવતાં આ લાશ ગૂમ થયેલા વિનોદભાઇ ધોળકીયાની હોવાનું ખુલ્યું હતું. અહિ ફેન્સીંગ તારમાંથી વિજકરંટ લાગી ગયાનું જણાયું હતું. કુવાડવા રોડ પોલીસ મથકના હેડકોન્સ. વિપુલભાઇગોહેલે કાર્યવાહી કરી મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર વિનોદભાઇ પાંચ બહેન અને બે ભાઇમાં સાતમા નંબરે હતાં. સંતાનમાં એક દિકરો છે. પોતે ખેતી કરતાં હતાં. જો કે હાલ માનસિક અસ્થિરતાને કારણે નિવૃત જીવન જીવતાં હતાં. પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

હું ૨૦૨૩ બેચનો અધિકારી છું, મારે સરકિટ હાઉસમાં રૂમ જોઇએ છે કહી ફોન કર્યો અને ફસાયો

મહારાષ્ટ્રનો શખ્સ નકલી IASના સ્વાંગમાં ઝડપાયો

રૂમ માટે પ્રાંત અધિકારીને ફોન કરતાં તેમણે નાયબ મામલતદારને કામ સોંપ્યુંઃ નાયબ મામલતદારની તપાસમાં ભાંડો ફુટ્યોઃ પ્રદ્યુમનનગર પોલીસે ગુનો દાખલ કરી ધરપકડ કરીઃ તપાસ થતાં ભેંસનો દલાલ હોવાનું ખુલ્યું

રાજકોટ તા. ૧૩

ઘણીવાર લોકો અલગ અલગ અધિકારી કે પોલીસના સ્વાંગ રચી લઇ પોતાના સ્વાર્થ માટે ગુનો આચરતા હોય છે. આવી જ એક ઘટના રાજકોટ શહેરમાં બની હતી. જેમાં એક નકલી આઇએએસ ઓફિસર પકડાઇ ગયો હતો. મહારાષ્ટ્રનો આ શખ્સ પોતે ૨૦૨૩ બેચનો અધિકારી હોવાનું કહી રાજકોટના સરકિટ હાઉસમાં રૂમ બૂક કરાવવા જતાં તેનો ભાંડો ફુટ્યો હતો અને અસલી પોલીસે તેની સામે કાર્યવાહી કરી ધરપકડ કરી હતી. વિશેષ તપાસમાં આ શખ્સ ભેંસોનો દલાલ હોવાનું અને અધિકારીનો સ્વાંગ રચી રાજકોટ આસપાસના પશુપાલકો પાસેથી મફતના ભાવે કે મફતમાં ભેંસ ખરીદવાના ઇરાદે આવ્યાનું રટણ કરતો હોવાનું ખુલ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરમાંથી અસલી પોલીસે નકલી આઇએએસ અધિકારીને ઝડપી લઇ કાર્યવાહી કરી છે. આ કિસ્સામાં પોલીસે તપાસ કરતાં તે ભેંસોનો દલાલ હોવાનું અને સસ્તામાં કે મફતમાં ભેંસ લઇ જવાના ઇરાદે ખોટી ઓળખ આપી આઇએસનો સ્વાંગ રચી બહુરૂપીયો બન્યો હોવાનું સામે આવ્યું હતું. આ શખ્સે ગઇકાલે સીટી પ્રાંત-૧ને ફોન કરીને પોતાના માટે સરકિટ હાઉસમાં રૂમની વ્યવસ્થા કરી આપવાનું કહ્યું હતું.

તે વખતે તેણે પોતે મહારાષ્ટ્રના ધુલેનો વતની હોવાનું અને ૨૦૨૩ની બેચનો આઇએએસ અધિકારી હોવાની ઓળખ આપી હતી. પરંતુ સીટી પ્રાંતને શંકા ઉપજતાં તપાસ કરાવતાં આ નકલી ઓફિસરનો ભાંડો ફુટ્યો હતો. આ બનાવમાં પ્ર.નગર પોલીસે નાના મવા કદમ હાઇટ્સ ફ્લેટ નં. સી-૧૦૩માં રહેતાં અને જુની કલેક્ટર કચેરી ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતાં યોગીરાજસિંહ મંગળસિંહ ગોહિલની ફરિયાદ પરથી મહારાષ્ટ્રના ધુલે જીલ્લાના કાલખેડમાં આશ્રમ સ્કૂલ રોડ પર રહેતાં પ્રશાંત શાંતારામ કચવે વિરૂધ્ધ આઇએએસ ઓફિસરનો ખોટો સ્વાંગ રચવા અંગે ગુનો નોંધી અટકાયત કરી વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

આ બનાવની ફરિયાદમાં નાયબ મામલતદાર યોગીરાજસિંહ ગોહિલે જણાવ્યું છે કે તેઓ જુની કલેક્ટર કચેરી ખાતે નાયબ મામલતદાર તરીકે છેલ્લા સાતેક માસથી ફરજ બજાવે છે. તેઓ પોતાની ફરજ વાળી જગ્યાએ હાજર હતાં ત્યારે પ્રાંત અધીકારી અતુલસિંહ જેઓ તે કચેરીમા પ્રાંત અધીકારી તરીકે ફરજ બજાવે છે, તેઓએ રૂબરૂમા ઓફીસમા



બોલાવી જણાવેલ કે, વર્ષ ૨૦૨૩ના એક આઇએએસ અધીકારી આવેલ છે, તેનો મોબાઇલ ન. ૭૫૧૭૭૬૯૭૦૫થી મને ફોન આવેલ છે, અને તે કોઇ કામ અર્થે રાજકોટ આવેલ છે, તેની સાથે પોતાની પત્નિ પ્રેગ્નન્ટ છે તે પણ આવેલ છે.

તેના માટે સરકારી ગેસ્ટ હાઉસમા રૂમ બૂક કરાવવાનો મને ફોન આવેલ છે, તો તમને હુ તેમનો કોન્ટેક્ટ નંબર આપુ છુ, તેની સાથે વાત કરી લો. જેથી યોગીરાજસિંહ ગોહિલએ તે મોબાઇલ નંબર ઉપર ફોન કરી પુછેલ કે આપનુ નામ, હોદ્દો તેમજ આપનુ પોસ્ટીંગ કઇ જગ્યાએ છ? આ સવાલો પછી પોતાને અધિકારી ગણાવનારાએ સંતોષ કારક જવાબ ન આપતા તેઓએ પ્રાંત અધીકારી અતુલસિંહને ફોન કરી જણાવેલ કે, જે માણસનો તમે કોન્ટેક્ટ નંબર આપેલ તેની પાસે માંગતા તે માણસ કોઇ સંતોષ કારક જવાબ આપી શકયો નથી, જેથી તે વ્યક્તી શંકાસ્પદ જણાય છે.જેથી પ્રાંત અધિકારીએ જણાવેલ કે હાલ હું મીટીંગમા હોઇ પરત આવી પછી જોઇ લઇએ.

ત્યારબાદ પ્રાંત અધિકારી ઓફીસે આવી તે નંબરવાળા વ્યક્તીને ફોન કરી ઓફીસે બોલાવતા તે વ્યક્તી મળવા માટે ઓફીસે સાંજના સાડા સાતેક વાગ્યે આવેલ અને તેમનુ નામ પૂછતા તે વ્યક્તીએ પોતાનુ નામ રાહુલસિંહ આઈ. એસ. અધીકારી વર્ષ ૨૦૨૩ની બેન્ચ રાજ્ય મહારાષ્ટ્રની હોવાનુ ઓળખાણ આપેલ હતી. પ્રાંત અધિકારી અને નાયબ મામલતદારને આ શખ્સ જે વિગતો જણાવી તે ખોટી હોવાનુ જણાતા વિશેખ પુછતાછ કરતાં પોતાનું નામ પ્રશાંત શાંતારામ કચવે હોવાનુ કબુલ્યું હતું. તેમજ આઈ.એસ. અધીકારી તરીકે ખોટો હોદ્દો ધારણ કરી પ્ર.નગર પોલીસ મથકમાં તેમજ સરકારી ગેસ્ટ હાઉસના મેનેજર જીગ્નેશ બાવડા સમક્ષ પણ આઈ.એસ. અધીકારી તરીકે ન હોવા છતા ખોટો હોદ્દો ધારણ કર્યાનું કબુલતાં ગુનો દાખલ કરાયવો હતો.

નકલી આઇએએસ અધિકારીની પોલ પકડાઇ જતાં આ બનાવમાં પ્રદ્યુમનનગરના પોલીસ ઇન્સપેકટર એમ.ડી.મકવાણાના માર્ગદર્શનમાં પીએસઆઇ ડી. એસ.ગજેરા અને ટીમે તપાસ આદરી હતી. તપાસમાં ખુલ્યા મુજબ પકડાયેલો શખ્સ મહારાષ્ટ્રમાં ભેંસની દલાલીનો ધંધો કરતો હોવાનું અને તે અહિ આઇએસ અધિકારીની ઓળખ આપી પશુપાલકો પર રોફ જમાવી સાવ મફતના ભાવમાં કે પછી મફતમાં ભેંસ મેળવી શકાય તેવા ઇરાદા સાથે આવ્યાનું સામે આવ્યું હતું. પીઓસઆઇ બી. વી. ભગોરાએ આ મામલે ગુનો દાખલ કર્યો હતો. વધુ તપાસ માટે રીમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી હતી. તપાસમાં તેણે વધુ કોઇ સ્થળે આ રીતે ફ્રોડ આચર્યુ છે કે કેમ? તેની વિગતો સામે આવશે.

સોશિયલ મિડીયા પર મેસેજ આવતાં હોંશે હોંશે બૂકીંગ કરાવ્યું અને ફ્રોડ થઇ ગયું

અનુષ્કા પાસે મસાજના નામે યુવાનને મળ્યો ઠગાઇનો ઠેંગો

તમારુ બૂકીંગ થઇ ગયું છે બે હજાર મોકલો કહી નાણા મેળવી લોકેશન મોકલાયું : ત્યાં ગયો ત્યારે એક શખ્સ આવી અલગ અલગ ચાર્જના નામે અડસઠ હજાર ઉસેડી ગાયબ થઇગયો : બીજી ઠગાઇમાં લિંક ઓપન કરતાં ફોન હેક થયો ને રૂપિયા ઉપડી ગયા

રાજકોટ, તા. ૧૩

અલગ અલગ રીતે લોકો છેતરાઇ રહ્યા છે. કોઇ ટુંકા રોકાણમાં વધુ નાણા કમાઇ લેવાની લાલચમાં, કોઇ વિદેશમાં કે દેશમાં નોકરી મેળવવાની લાલચમાં તો કોઇ અલગ અલગ નુસ્ખાઓમાં ફસાઇને ફ્રોડનો ભોગ બની રહ્યા છે. હવે એક યુવાન હોટેલમાં મસાજ કરાવવાની લાલચમાં છેતરાઇ ગયો હતો. ટેલીગ્રામ પર અનુષ્કા નામની યુવતિના મસાજ કરી આપવાના મેસેજથી આ યુવાન લલચાયો હતો અને કોન્ટેક્ટ કરતાં તેને હોટેલનું લોકેશન મોકલી દેવાયુ હતું. આ યુવાન હોંશે હોંશે ત્યાં પહોંચવા તૈયારી કરી ચુક્યો હતો. પરંતુ તેની પાસેથી અલગ અલગ ચાર્જના નામે નાણા વસુલી લેવાયા હતાં. પછી તેને મસાજના નામે ઠેંગો મળ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો વડોદરાના કપુરાઇના એક ખાનગી કંપનીના સિનિયર એક્ઝિક્યુટિવ ટેલિગ્રામ પર મસાજના મેસેજથી લલચાયા હતા. અનુષ્કા મહેતા અને નીતિન નામના શખ્સોએ સોમાતળાવ પાસેની હોટલનું લોકેશન મોકલી, ડિપોઝીટ, વેરિફિકેશન અને સિક્યુરિટીના બહાને કુલ રૂા. ૬૫૧૦૮ પડાવ્યા હતા. સાયબર ફ્રોડનો અહેસાસ થતાં, વરણામા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસે જણાવ્યું કે ટેલિગ્રામ પર આવેલ મસાજના મેસેજ જોઇ મસાજ કરાવવાની લાલચમાં કપુરાઇમાં રહેતા ખાનગી કંપનીના એક્ઝિક્યુટિવે ઓનલાઇન રૂપિયા જમા કરાવી ગુમાવવાનો વારો આવ્યો હતો. કપુરાઇ કેનાલ પાસે કેસર કો. ઓ. સોસાયટીમાં રહેતા જિતેન્દ્રકુમારે વરણામા પોલીસ સ્ટેશનમાં અનુષ્કા મહેતાના નામથી વાત કરનાર તેમજ નીતિન નામના શખ્સ સામે નોધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે વાઘોડિયા તાલુકામાં આવેલી ખાનગી કંપનીમાં હું સિનિયર



એક્ઝિક્યુટિવ તરીકે નોકરી કરું છું. હું નોકરી પર હતો ત્યારે ટેલિગ્રામ પર અનુષ્કા શર્મા નામના આઇડી પરથી અનુષ્કા મહેતા નામની યુવતીએ મસાજ સર્વિસ આપવા મેસેજ કર્યો હતો.

મેં વિગતો પૂછતા તેણે ફોટા અને સમય પ્રમાણેના ભાવ મોકલ્યા હતાં તેમજ સોમાતળાવ પાસેની એક હોટલનું લોકેશન પણ મોકલ્યું હતું. મેં બીજા દિવસે જણાવીશ તેમ કહ્યું હતું, બીજા દિવસે હું ઘેર હતો ત્યારે નીતિન નામના શખ્સનો વોટ્સએપ કોલ આવ્યો હતો અને એસ્કોર્ટ એજન્સીનો મેનેજર છું તેમ કહી તમારો નંબર અનુષ્કાએ આપ્યો છે, તમને ક્યૂઆર કોડ મોકલું છું તમે રૂપિયાબે હજાર ટ્રાન્સફર કરો તમારું બુકિંગ થયું છે તેમ કહેતા મેં આ પૈસા ટ્રાન્સફર કર્યા હતાં. બાદમાં નીતિને તમો લોકેશન પર પહોંચો ત્યાં તમારી રાહ જોવાય છે તેમ જણાવતા હું ત્યાં જઇને નીચે ભો હતો ત્યારે નીતિને મારી પાસેથી ડિપોઝીટ, વેરિફિકેશન તેમજ સિક્યુરિટિ પેટે વિવિધ રકમ મળી કુલ ૬૫૧૦૮ પડાવ્યા હતાં.

જો કે બાદમાં મને સાયબર ફ્રોડ લાગતા રિફન્ડ માંગતા તે આપ્યું ન હતું. ઉપરોક્ત વિગતોની ફરિયાદને પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. અગાઉ પણ આ રીતે યુવાનો વૃધ્ધોને સોશિયલ મિડીયાથી કે ફોનથી સંપર્ક કરી હનીટ્રેપમાં ફસાવી બ્લેકમેઇલ કરી નાણા પડાવી લેવાની ઘટનાઓ બની ચુકી છે. આ વખતે યુવાનને મસાજના નામે મામા બનાવી લેવાયો હતો. રોકડા ચુકવી દીધા બાદ આ યુવાનને મસાજને બદલે ઠગાઇનો ઠેંગો દેખાડી દેવાયો હતો.

ઠગાઇના અન્ય બનાવમાં કરજણ તાલુકાના માંકણ ગામે રહેતાં ઈશાક વલીભાઈ પટેલે મોબાઇલમાં એક અજાણ્યા શખ્સે મોકલેલી લિન્ક ઓપન કરતા એક એપ્લિકેશન ડાઉનલોડ થયા બાદ બેન્ક એકાઉન્ટમાંથી માત્ર પાંચ મિનિટમાં કુલ ૮૯૯૯૮ ઉપડી ગયા હતાં. આ અંગે વલણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આમ બે ઠગાઇ થઇ ગઇ હતી.

રોજરોજ લોકો છેતરાય છે, કોઇ ઓનલાઇન તો કોઇ ઓફલાઇન બની જાય છે ગઠીયાગીરીનો ભોગ

વેપારી-વૃધ્ધ સાથે સાડા ત્રણ કરોડની ઠગાઇ

કાપડનો દલાલ સાડીના વેપારીઓને અઠ્યોતેર લાખનો ડામ દઇ ગયોઃ યાર્નનના વેપારી સાથે દસ કરોડની, એક વેપારી સાથે મિલ્કતના નામે વીસ લાખની અને વૃધ્ધ સાથે રીઝર્વ ફંડ છોડાવવાના નામે સાડા ત્રણ કરોડની ઠગાઇ

રાજકોટ, તા. ૧૩

રોજબરોજ કોઇને કોઇ લોકો છેતરાઇ રહ્યા છે. કોઇને ગઠીયાઓ ઓનલાઇન છેતરી જાય છે તો કોઇને લેભાગુઓ રૂબરૂ આવીને જાળમાં ફસાવી આબાદ છેતરપીંડી કરી જાય છે. વધુ ચાર ઠગાઇના કિસ્સા સામે આવ્યા હતાં. જેમાં અલગ અલગ રીતે હીરા અને કાપડના વેપારી, વૃધ્ધ સહિત ચાર લોકો સાથે મોટી ઠગાઇ થઇ હ્તગઇ હતી. સાડીના આઠ વેપારીઓ સાથે સત્યોતેર લાખ અઠ્ઠાણુ હજારની ઠગાઇ, અન્ય યાર્નનના વેપારી સાથે સાડા દસ કરોડની, ત્રીજા બનાવમાં હીરાના વેપારી સાથે વીસ લાખની અને એક વૃધ્ધા સાથે સાડા ત્રણ કરોડનું ફ્રોડ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો આ તમામ ચારેય ઘટના સુરતની છે. અહિ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, મોટા વરાછાના ભક્તિનંદન ચોક પાસે રહેતા ત્રીસ વર્ષીય તિલક જશવંતભાઇ સોજીત્રા માયરા ફેબ ફર્મના નામે કાપડનો વેપાર કરે છે. કાપડ દલાલ હરીશ દેવતા-સાદ શુક્લાએ તેમનો સંપર્ક કરી અલગ-અલગ વેપારીઓને ઉધારમાં સાડીઓ અપાવવાનો વિશ્વાસ આપ્યો હતો. બાદ દલાલ હરીશ શુક્લા અને વેપારીઓ મણી તિવારી, સદાનંદ તિવારી, ચમનસીંગ ગૌડ, અંકિતભાઈ, મુકેશભાઈ અને સમીરકુમાર સહિતના આઠ વેપારીઓએ લાખો રૂપિયાનો સાડીનો માલ ખરીદ્યો હતો. નિયત સમય વીતી ગયા છતાં ૭૭.૯૮ લાખ રૂપિયાનું પેમેન્ટ ચૂકવ્યા વિના દુકાનો બંધ કરી તમામ આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

બીજી ફ્રોડની ઘટના જોઇએ તો સચિન હોઝીવાલા એસ્ટેટમાં ફર્મ ધરાવતા ૬ યાર્ન વેપારીઓ સાથે ૧૦.૪૧ કરોડ રૂપિયાની વિશાળ છેતરપિંડી થઈ હતી. સચિન પોલીસના જણાવ્યા મુજબ, એપેક્ષ સાઈઝર અને નિરંજા સાઈઝરના સંચાલક સાગરભાઈ તુલસીભાઈ ગોંડલીયા સહિતના વેપારીઓ પાસેથી કતારગામ નાગીનાવાડી સ્થિત ભાવિન પોલી ફેબના ભાગીદાર પ્રિતેશકુમાર વિક્રમભાઈ પટેલ અને ભાવિનકુમાર વિક્રમભાઈ પટેલે કરોડોનો યાર્ન ખરીદ્યો હતો. આ પટેલ બંધુઓએ વીસ દિવસમાં પેમેન્ટ ચૂકવી દેવાની ખાતરી આપી ૩.૭૧ કરોડથી વધુનો યાર્ન મેળવી લીધો હતો. શરૂઆતમાં સામાન્ય રકમ ચૂકવી વિશ્વાસ કેળવ્યા બાદ બાકીના નાણાં ચૂકવવા હાથ ચા કરી દીધા હતા.

વધુ માહિતી અનુસાર ભાવિન પોલી ફેબના પટેલ બંધુઓએ કાનાણી ટેક્સટાઈલ્સના રસિકભાઈ પાસેથી ૨.૭૯ કરોડ, કેવલ કાપડિયા પાસેથી ૮૯.૯૮ લાખ, ટેસોરા ઈન્ડસ્ટ્રીઝના



ભાસ્કર ઝવેર પાસેથી ૪૫.૯૮ લાખ, રીનીશ સિન્થેટીક્સના કિશોરભાઈ વોરા પાસેથી ૧.૧૨ કરોડ અને સ્પીનોરા વોર્ટેક્ષના મનોજભાઈ પટેલ પાસેથી ૧.૪૬ કરોડ રૂપિયાનો યાર્ન ખરીદ્યો હતો. સમયસર પેમેન્ટ ન મળતાં વેપારીઓએ ઉઘરાણી કરી તો આરોપીઓએ વાયદાઓ કરી છેવટે નાણાં આપવાનો ઇનકાર કર્યો હતો. આ અંગે સચિન પોલીસ મથકે ગુનો દાખલ થતાં સમગ્ર કૌભાંડની ડાણપૂર્વકની તપાસ ઇકો સેલે તપાસ શરૂ કરી હતી.

ત્રીજી ફ્રોડની ઘટનામાં મહિધરપુરા પોલીસ મથકે નોંધાયો છે. સુમુલ ડેરી રોડ પર શાંતિનિકેતન સોસાયટીમાં રહેતા અને કતારગામમાં રામેશ્વર જ્વેલર્સ ધરાવતા સુડતાલીસ વર્ષીય હીરા વેપારી મહેશભાઈ ભીમજીભાઈ ગોંડલીયાએ તેમની રહેણાંક અને કતારગામ પારસ સોસાયટી સ્થિત મિલકતો વેચવા પેપરમાં જાહેરાત આપી હતી. આ જાહેરાત જોઈ મુંબઈના પરેશ યોગીએ તેમનો સંપર્ક કર્યો અને મહારાષ્ટ્ર રાયગઢની રિશિતા જગદીશ પટેલ સાથે મુલાકાત કરાવી હતી. રિશિતાએ પોતે કંપનીની માલિક હોવાનું અને દુબઈની આલીયા રાહુલ અબ્બાસીની કંપનીમાં ૨૦ ટકા હિસ્સેદાર હોવાનું જણાવી મિલકત ૨૪ કરોડ રૂપિયામાં ખરીદવાનો સોદો નક્કી કર્યો હતો.

આ પછી ઠગ રિશિતા પટેલે હીરા વેપારી મહેશભાઈને વિશ્વાસમાં લીધા હતા કે દુબઈની કંપનીના બેંક એકાઉન્ટમાંથી સીધા ૨૪ કરોડ રૂપિયા ચૂકવાશે. જોકે, ત્યારબાદ કંપનીના ખાતા ફ્રીઝ થઈ ગયાનું બહાનું કાઢી બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરાવવાના -ોસેસિંગ ચાર્જ પેટે એડવાન્સમાં વીસ લાખ રૂપિયા પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. નાણાં મેળવ્યા બાદ રિશિતા અને પરેશ યોગીએ મિલકત ખરીદવાનું બંધ કરી ફોન સ્વિચ ઓફ કરી દીધા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં મહેશભાઈએ મહિધરપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે મહિલા સહિત બંને ઠગો સામે ગુનો નોંધી તેમની ધરપકડના ચક્રો ગતિમાન કયા હતાં.

ચોથી મોટી ઠગાઇ પર નજર કરીએ તો સિંગણપોર-ડભોલી વિસ્તારમાં ગાયત્રી મંદિર પાસે માધવ કોમ્પ્લેક્ષમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધ પરસોત્તમભાઈ પોપટભાઈ ગોળકીયાનો વર્ષ ૨૦૦૭માં બોટાદ ખાતે મિત્ર ગોહાભાઈ માલતીયાના ઘરે અમરેલીના અને શેરબજારનું કામકાજ કરતા ભરત બાલુભાઈ શેલડીયા સાથે સંપર્ક થયો હતો. ભરત શેલડીયાએ પોતાના ફોરેસ્ટ રિઝર્વ ફંડમાં રૂપિયા ૨૨૦૦ કરોડ રોકાયેલા હોવાનું જણાવી તે નાણાં મુક્ત કરાવવાની -ક્રિયા માટે આર્થિક મદદ માંગી હતી અને બદલામાં મોટું વળતર આપવાની લાલચ આપી હતી.

આ રીતે વિશ્વાસ કેળવી પરસોત્તમભાઈ પાસેથી કટકે-કટકે ૩.૫૧ કરોડ પડાવી લીધા હતા. સમય વીત્યા બાદ જ્યારે વૃદ્ધે પોતાના નાણાં પરત માંગ્યા ત્યારે ઠગ ભરતે નાણાં આપવાના બદલે તમારા ખાતામાંથી સાયબર ક્રાઈમની ફરિયાદ થઈ છે અને ઘણા બધા લોકોના બેંક એકાઉન્ટ ફ્રીઝ થયા છે, તમે તો નથી કરાવ્યા નેં તેમ કહી ધાકધમકી આપી હાથ ચા કરી દેતાં આખરે સમગ્ર મામલે સિંગણપોર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આમ ચાર મોટી ઠગાઇઓ અલગ અલગ પોલીસ મથકે નોંધાતા તપાસ શરૂ થઇ હતી.

કેમ મારી ગાડીના બોનેટ પર હાથ રાખ્યો? કારચાલકે લાફો મારી છરી કાઢી

ગોંડલ રોડ પર નહિ જેવી વાતે ગાડીવાળો ગરમ થઇ ગયો

રાજકોટ તા. ૧૩

નાની નાની વાતે મારામારીની ઘટનાઓ સતત બનતી રહે છે. દરમિયાન ગોંડલ ચોકડી અને હુડકો ચોકડી વચ્ચે સર્વિસ રોડ પર કારને બાઇકનું સાયલેન્સર અડી જવા બાબતે બાઇક ચાલકે જોઇને ચલાવવાનું કહેતા કાર ચાલકે ગાળો દઇ, તમાચા ઝીંકી કારમાંથી છરી કાઢી આજ તો તને જાનથી જ મારી નાખવો છે કહી ધમકી આપી હુમલાનો પ્રયાસ કર્યો હતો.

આ બનાવમાં હુડકો ચોકડી પાસે જુના ગણેશનગર સોસાયટીમાં રહેતા નિકુંજ વિરજીભાઇ સાપરીયા નામના ચોવીસ વર્ષના કારચાલકે કાર ચાલક અકરમ બ્લોચ સામે નોંધાયેલ ફરીયાદમાં જણાવ્યું કે, આજે સવારે તે બાઇક પર મોરબી રોડ પર કામે જઇ રહયો હતો. ત્યારે હુડકો ચોકડીથી આગળ ખોડીયાર ટેકરી સામે સર્વિસ રોડ પર વળાંક લેતી વખતે ગોંડલ ચોકડી તરફથી આવતી કાર સહેજ તેના બાઇકના સાયલેન્સરમાં અડી ગઇ હતી.

જેના કારણે તેનુ બાઇક નીચે નમી ગયું હતું. જેથી તેણે કારના બોનેટ પર હાથ રાખીને ચાલકને જોઇને ચલાવવાનું કહેતા ઉશ્કેરાઇને કાર ચાલકે તેની પાસે ધસી આવી 'કેમ મારી ગાડીના બોનેટ પર હાથ રાખ્યો' કહી બે તમાચા ઝીંકી દઇ ગાળો ભાંડી ઝપાઝપી કરવા લાગતા તેને ડાબા કાન પાસે નખ વાગી ગયો હતો. એટલુ જ નહી આરોપી ગાળો બોલ્યા કરતો હોવાથી તેને ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાઇ કારમાંથી છરી લઇ આવતા આજતો તને પુરો જ કરી નાખવો છે કહી છરીનો ઘા ઝીંકવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તે દુર હટી જતા તેને ઘા લાગ્યો ન હતો. જાણ કરાતા આજીડેમ પોલીસ ત્યાં પહોંચી હતી બન્નેને પોલીસ મથકે બાદમાં લવાયા હતા.

વૃધ્ધ કારખાનેદારનું ટ્રેનની ઠોકરે મોત

રાજકોટઃ શહેરના સહકાર રોડ પર પીપળીયા હોલ પાસે રામેશ્વર સોસાયટી મેઇન રોડ પર રહેતાં કારખાનેદાર શાંતિલાલ મેઘજીભાઇ ચાવડા નામના સિત્તેર વર્ષના વૃધ્ધ સવારે અટીકા ફાટક પાસે રાજકોટ-પોરબંદર ટ્રેનની ઠોકરે આવી જતાં કમકમાટી ભર્યું મોત થયું હતું. નિત્યક્રમ મુજબ તેઓ ઘર નજીક આવેલા મંદિરે દર્શન કરવા જવા નીકળ્યા ત્યારે આ બનાવ બન્યો હતો. શાંતિલાલ ચાવડા સવારે ઘરેથી ઘર નજીક આવેલા શ્રી અમરનાથ મહાદેવ મંદિરે દર્શન કરવા જાય છે તેમ કહીને નીકળ્યા બાદ મોડે સુધી પરત આવતાં અને ફોન પણ રીસીવ ન થતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. એ દરમિયાન ૧૦૮ના સ્ટાફે શાંતિલાલ ચાવડાના જ મોબાઇલમાંથી તેમના સગાને ફોનથી ઘટનાની જાણ કરી હતી. બનાવની જાણ માલવીયાનગર પોલીસને કરવામાં આવતાં જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃતક શાંતિલાલ કડીયા કામના ઓજાર બનાવવાનું ઓમશ્રી વિશ્વકર્મા ઇન્ડસ્ટ્રીઝ નામનું કારખાનુ ચલાવતાં હતાં. તેઓ કારખાને જાય એ પહેલા દરરોજ સવારે દર્શન કરવા જતાં હતાં. આજે પણ મંદિરે જવા નીકળ્યા હતાં અને આ ઘટના બની હતી.

અવાર-નવાર કોઇને કોઇ લગ્નવાંચ્છુને લાલચની જાળમાં ફસાવીને આચરી લેવાય છે ફ્રોડ

લૂંટેરી દૂલ્હને છેતર્યો ને માથેથી બળાત્કારના કેસની ધમકી!

ચાંદીના દાગીના અને ત્રણ લાખ રોકડા લઇ ભાગી ગઇઃ વચેટીયાઓ મારફત લગ્ન કરનાર યુવાને નાણા પાછા માંગતા અપાઇ ધમકી

રાજકોટ તા. ૧૩

લગ્નના નામે ઠગાઇના અવાર-નવાર બનતા રહે છે. વધુ એક વખત એક લગ્નવાંચ્છુ યુવાન છેતરાઇ ગયો હતો. જેમાં તેની સાથે વચેટીઓએ પૈસાલાઇ એક યુવતિના લગ્ન કરાવી દીધા હતાં. પરંતુ બાદમાં યુવતિ દાગીના રોકડ સહિત ત્રણેક લાખની મત્તા લઇ ભાગી ગયઇ હતી. યુવાને ફ્રોડ થયાની ખબર પડતાં પૈસા પાછા માગતા તેને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી અપાઇ હતી. આ મામલે પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

રાજ્યભરમાં અવાર-નવાર લૂંટેરી દૂલ્હન ગેંગ આ પ્રકારના ફ્રોડ આચરતી રહે છે. આવી અલગ અલગ અનેક ગેંગ કાર્યરત છે. દરમિયાન અમદાવાદના બાપુનગરમાં એક આડત્રીસ વર્ષીય યુવક સાથે લગ્ન કરાવી રૂ. ૩ લાખ પડાવી લેવાનો કિસ્સો સામે આવ્યો હતી. પત્નિ ચાંદીના દાગીના લઈને ફરાર થઈ ગઈ હતી. પૈસા પાછા માંગતા પત્નિ, સાસુ, સાળા અને વચેટિયાએ બળાત્કાર કેસ કરવાની ધમકી આપી હતી. બાપુનગર પોલીસે ચાર લોકો સામે ગુનો નોંધી તપાસ આરંભી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર બાપુનગર વિસ્તારમાં લગ્ન કરાવી રૂ. ત્રણ લાખ પડાવી લીધા બાદ પત્નિ ચાંદીના દાગીના લઈને ફરાર થઈ ગયાનો કિસ્સો સામે આવ્યો હતો. કાલુપુર સીટી સેન્ટરની એક દુકાનમાં નોકરી કરતા આડત્રીસ વર્ષીય યુવકે વચેટીયાની મદદથી લગ્ન કર્યા હતાં. પરંતુ બાદમાં પત્નિ ભાગી ગઇ હતી. આથી યુવકના પરિવારે નાણાં પરત માગતાં પત્નિ સહિત સાસરીપક્ષના લોકોએ બંને ભાઈઓ સામે બળાત્કારનો કેસ કરવાની અને ઘરે આવી જીવનનો અંત આણવાની ધમકી આપ્યાનો આક્ષેપ છે. આ મામલે બાપુનગર પોલીસે પત્ની, સાસુ, સાળા અને લગ્ન કરાવનાર વચેટિયા સહિત ચાર લોકોને શોધી કાઢવા તજવીજ કરી હતી.

આ બનાવની વધુ માહિતી અનુસાર બાપુનગરમાં રહેતા પરિવારના નાના પુત્રનાં લગ્ન માટે તેમના એક કૌટુંબિક સગા મારફતે વચેટિયા સુરેશભાઈ લહેરીચંદજી જૈનનો સંપર્ક કરવામાં આવ્યો હતો. સુરેશભાઈએ વિજયાબેન ગણેશભાઈ ટોકલવાડની પુત્રી રૂપાલી સાથે યુવકનાં લગ્ન નક્કી કરાવ્યાં હતાં. રૂપાલી વિધવા હતી અને તેને આઠ વર્ષનો પુત્ર છે. લાલ દરવાજા ખાતે બંનેનાં લગ્ન થયાં હતાં. ત્યારબાદ શાહપુર વોર્ડમાં લગ્નની નોંધણી પણ



કરાવવામાં આવી હતી. લગ્ન સમયે યુવકના પરિવારે વચેટિયા સુરેશભાઈને રૂ. ૩ લાખ રોકડા આપ્યા હતા.

પરંતુ લગ્ન બાદ રૂપાલી લગભગ એક મહિનો જ સાસરે રહી હતી. ત્યારબાદ કોર્ટમાં તારીખ હોવાનું કારણ આપી તે પિયર જતી રહી હતી. શરૂઆતમાં પાછા આવવા તૈયાર ન થતાં પરિવારે તેને સમજાવીને સાસરે બોલાવી હતી. પરંતુ તે ફરી સાસરેથી જતી રહી હતી. આ વખતે તે ચાંદીની વીંટી, વીંછુડી અને પાયલ પણ સાથે લઈ ગઈ હતી. ત્યારથી તે પરત ફરી ન હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ત્યારબાદ પરિવારે લગ્ન સમયે આપેલા નાણાં પાછા માગતાં માત્ર રૂ. ૨૦ હજાર ગુગલ પે મારફતે પરત કરવામાં આવ્યા હતા. બાકીની રકમ પછીથી આપવાનું કહેવામાં આવ્યું હતું. જોકે, વારંવાર નાણાંની માગણી કરતાં રૂપાલી, તેની માતા વિજયાબેન અને ભાઈ અભિષેકે ફોન પર ધમકી આપી હોવાનો આક્ષેપ છે. બંને ભાઈઓ સામે બળાત્કારનો કેસ કરવાની અને તેમના ઘરે આવી જીવનનો અંત આણશે તેવી કરવાની ધમકી મળતાં પરિવારે આખરે પોલીસનો સંપર્ક કર્યો હતો. બાપુનગર પોલીસે ચારેય સામે ગુનો નોંધી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

અગાઉ પણ આ રીતે લગ્નના નામે અનેક યુવાનો, પરિવારો સાથે ફ્રોડ થઇ ગયું છે. હવે તો ઓનલાઇન પણ આ રીતે મેટ્રીમોનીયલ સાઇટ પરથી યુવતિઓના નામે જે તે લગ્નવાંચ્છુઓનો સંપર્ક કરી ઠગાઇ કરવામાં આવતી રહે છે. તો બીજી તરફ અલગ અલગ લૂંટેરી દૂલ્હન ગેંગ પણ આ રીતે યુવાનોને તેના પરિવારજનોને છેતરી લેતી હોવાના કિસ્સા વારંવાર બનતા રહે છે. આ વધુ એક કિસ્સો તેમાં સામેલ થયો હતો. આરોપીઓ પકડાયા બાદ તેની આવી વધુ ઠગાઇઓ પણ ખુલવાની શક્યતા છે.

રોકાણ પર બે વર્ષમાં ત્રણ ગણા પૈસાના નામે આચરાયું કારસ્તાન

શેરબજારમાં નફો લેવાની લાલચે સવા કરોડનો ડામ

બીજા બે ઓનલાઇન ફ્રોડના બનાવમાં ફોન હેક કરી બે લાખ બાંસઠ હજાર અને એક લાખ નવ્વાણુ હજાર ઉસેડી લેવાયા

રાજકોટ તા. ૧૩

શેર બજારમાં રોકાણ કરી ટુંકા ગાળામાં નફો મેળવો આ પ્રકારની જાહેરાતો ઓનલાઇન સોશિયલ મિડીયા માધ્યમોમાં વહેતી કરીને કે પછી ટેલીગ્રામ, વ્હોટ્સએપના અલગ અલગ આવા ગ્રુપમાં જે તે લોકોને એડ કરીને તેમને શરૂઆતમાં રોકાણ પર નફો કરાવડાવી બાદમાં લાખો કરોડો રૂપિયા પડાવી લેવાના કિસ્સા રોજંદા છે. આવી જ વધુ એક ઠગાઇ થઇ હતી. જેમાં શેર બજારમાં નાણા રોકી નફો લેવા જતાં લોકોએ સવા કરોડથી વધુની રકમ ગુમાવી હતી. બે વર્ષમાં ત્રણ ગણાના નામે આ ફ્રોડ આચરાયું હતું.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના નિકોલ વિસ્તારમાં શેરબજારના ફ્યુચર એન્ડ ઓપ્શનમાં ટ્રેડિંગ કરી માસિક રથી ૨.૫ ટકાના ચા વળતર તેમજ માત્ર ૨ વર્ષમાં રૂપિયા ત્રણ ગણા કરી આપવાની લાલચ આપીને ઠગે આશરે ૧૦૦ જેટલા લોકો સાથે કુલ ૧.૨૭ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધાતા તપાસ શરૂ થઇ હતી. ડીસીપ્લીન ટી એન્ડ ટી વેન્ચર્સ પ્રાઇવેટ લિમિટેડ કંપનીના સંચાલકોએ મોટા રોકાણો કરાવ્યા બાદ આ રકમ પોતાના અન્ય મળતિયાઓના બેંક ખાતામાં સગેવગે કરી લીધી હતી.

બાદમાં ટ્રેડિંગમાં રૂપિયા ડૂબી ગયાનું બહાનું ધરીને રાતોરાત હાથ અધ્ધર કરી દેતા ભોગ બનનાર રોકાણકારોએ પોલીસ ફરિયાદ કરી હતી. વધુ માહિતી અનુસાર નિકોલમાં રહેતા અને પ્રોપ્રાઇટરશિપમાં પેટા કોન્ટ્રાકટર તરીકે કન્સ્ટ્રક્શનનો બિઝનેસ કરતા રજનીકાંત રામાણી અને અન્ય રોકાણકારોને વિરાટ હસમુખ પરમાર અને તેના ભાગીદાર અલ્કેશપુરી ગોસ્વામીએ નિકોલ ખાતે આવેલી તેમની ડીસીપ્લીન ટી એન્ડ ટી વેન્ચર્સ પ્રાઇવેટ લિમિટેડ કંપનીમાં રોકાણ કરવા લાલચ આપી હતી. આરોપીઓએ રોકાણકારોને શેરબજારના ફ્યુચર એન્ડ ઓપ્શનમાં ટ્રેડિંગ કરી માસિક રથી ૨.૫ ટકા જેટલું ચું વળતર આપવાની લાલચ દીધી હતી.

તેમજ રોકાણ પર બે વર્ષમાં રૂપિયા બેથી ત્રણ ગણા કરી આપવાની લાલચ આપી હતી. તેઓના



વિશ્વાસમાં આવીને પોતાના અને પોતાની ફર્મના બેંક એકાઉન્ટમાંથી કંપનીના બેંકના એકાઉન્ટમાં કુલ દસ લાખ જમા કરાવ્યા હતા. ફરિયાદી ઉપરાંત તેમના સગા-સંબંધીઓ અને અન્ય આશરે સો જેટલા લોકોએ પાસેથી કુલ ૧.૨૭ કરોડનું રોકાણ કરાવી શરૂઆતમાં આરોપીઓએ રોકાણકારોને થોડું વળતર ચૂકવ્યું હતું, પરંતુ ત્યારબાદ અચાનક વળતર આપવાનું બંધ કરી દીધું હતું. બાદમાં જ્યારે ફરિયાદી અને અન્ય રોકાણકારોએ વિરાટ પરમાર અને અલ્કેશપુરીને તેમના નાણાં પરત કરવા દબાણ કર્યું હતું.

ત્યારે આ તમામ નાણાં તેઓએ પોતાના અન્ય મળતિયા આરોપીઓ ભાર્ગવ પંડ્યા અને ધર્મેશ ચૌહાણના અલગ અલગ બેંક એકાઉન્ટમાં ટ્રેડિંગ માટે ટ્રાન્સફર કર્યા હતા. ભાર્ગવ પંડ્યા અને ધર્મેશ ચૌહાણે પણ શરૂઆતમાં વળતર આપ્યા બાદ રોકાણકારોના તમામ રૂપિયા ટ્રેડિંગમાં ગુમાવી દીધા હોવાનું કહીને ચૂકવણી બંધ કરી દીધી હતી. આમ, ચારેય આરોપીઓએ રોકાણકારોને રાષ્ટ્રીય બેંકો કરતા વધુ વળતરની લાલચ આપી છેતરપિંડી કરતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આમ રોકાણ પર ટુંકા ગાળામાં વધુ નફો લેવાની લાલચ સવા કરોડનો ડામ દઇ ગઇ હતી.

ઠગાઇની અન્ય ઘટના જોઇએ તો અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં રહેતા નાયબ મામલતદારના બેંક એકાઉન્ટને હેક કરીને સાયબર ગઠીયાએ તેમના એકાઉન્ટમાંથી ટુકડે ટુકડે મળી કુલ રૂપિયા ૨.૬૨ લાખ ઉપાડી છેતરપિંડી આચરી લેવાઇ હતી. આ મામલે નાયબ મામલતદારે નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી. નિકોલમાં રહેતા નાયબ મામલતદાર કેયુરભાઈ ત્રિવેદી તરીકે ફરજ બજાવે છે.તેઓ ઘરે હાજર હતા. આ દરમિયાન તેમના ફોનમા અચાનક અજાણ્યા મોબાઈલ નંબરોથી અલગ અલગ ઓટીપીવાળા મેસેજ આવવા લાગ્યા હતા. ત્યારબાદ તુરંત જ તેમના બેંકખાતામાંથી અલગ અલગ ટ્રાન્ઝેક્શન કરીને કુલ રૂપિયા ૨.૬૨ લાખ કપાઈ ગયાની જાણ થઈ હતી. આ અંગે નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આવી જ બીજી ઘટનામાં એરપોર્ટ વિસ્તારમાં હાંસોલખાતે રહેતા કિરીટભાઈ પટેલ નામના બોંતેર વર્ષના વૃધ્ધ કિરાણા સ્ટોર ધરાવે છે. તેઓ ઓનલાઈન પેમેન્ટની કોઈ એપનો ઉપયોગ કરતા નથી. તેમ છતાં ગત તા ૬ એ તેઓ તેમના વેપારના પૈસા જમા થવાના હતા. તેથી પૈસા જમા થયા છે કે નહી તે જોવા માટે મેસેજ જોતા હતા. ત્યારે તેમના ફોન પર બેંકમાથી પૈસા કપાતનો મેસેજ આવ્યો હતો. બેંકમાં જઈને તપાસ કરતા તેમના ખાતામાંથી અલગ અલગ રકમ મળી કુલ રૂ. ૧.૯૯ લાખ ઉપડી ગયા હોવાની જાણ થઈ હતી. આ બંને કિસ્સામાં પોલીસે તપાસ શરૂ કરી હતી.

રાજકોટ શિક્ષણ વિભાગનો અનોખો ખેલ

કચેરીઓના ભાગલા, પણ 'સાહેબ' તો એ ના એ!

શહેર અને ગ્રામ્ય માટે અલગ ઉઊઘ ઓફિસ કાગળ પર શરૂ: ૧૫૦૦ શાળાઓના મોનિટરિંગ માટે પૂરતો સ્ટાફ ક્યારે મળશે? અમ-વજ્ઞભ વ્યવસ્થાથી શાળા સંચાલકોમાં ભારે અસંતોષ

રાજકોટ, તા. ૧૩

સૌરાષ્ટ્રના પાટનગર અને શિક્ષણના ધમધમતા ધામ ગણાતા રાજકોટ શહેર અને જિલ્લાના શિક્ષણ તંત્રને વધુ સુદ્રઢ અને સક્ષમ બનાવવાના મોટા મોટા દાવાઓ વચ્ચે રાજ્યના શિક્ષણ વિભાગનો એક અજીબોગરીબ વહીવટી તાલમેલ સામે આવ્યો છે. લાંબા સમયની રજૂઆતો અને માંગણીઓ બાદ અંતે રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તાર માટે 'જિલ્લા શિક્ષણાધિકારી' (ડીઈઓ) ની કચેરીઓ વિધિવત રીતે અલગ-અલગ કરી દેવામાં આવી છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે કચેરીઓના વિભાજન બાદ પણ વહીવટી ધુરા હજુ સુધી એક જ અધિકારીના ખભા પર લટકેલી છે, જેના કારણે શિક્ષણ વિભાગની આ નવી વ્યવસ્થા હાલ તો 'કાગળ પરનો વાઘ' સાબિત થઈ રહી છે.

રાજકોટ શહેર અને જિલ્લામાં હાલ નાની-મોટી થઈને કુલ ૧૫૦૦થી પણ વધુ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓ ધમધમી રહી છે. અત્યાર સુધી માત્ર એક જ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા આટલી મોટી સંખ્યામાં ચાલતી શાળાઓનું મોનિટરિંગ કરવામાં આવતું હતું. એક જ કચેરી પર સમગ્ર જિલ્લા અને મહાનગરનું ભારણ હોવાના કારણે શાળાઓના પ્રશ્નો, તપાસની કામગીરી તેમજ શૈક્ષણિક ગુણવત્તા પર યોગ્ય દેખરેખ રાખવામાં ભારે મુશ્કેલીઓ પડી રહી હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે શહેર અને ગ્રામ્યની કચેરીઓ જુદી કરવાનો નિર્ણય લીધો હતો.

હાલ પૂરતી આ બંને નવી કચેરીઓને રાજકોટની ઐતિહાસિક કરણસિંહજી હાઇસ્કૂલના પરિસરમાં જ એક સાથે કાર્યરત કરી દેવામાં આવી છે. નવી વહીવટી વ્યવસ્થા હેઠળ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારની કચેરી અંતર્ગત ૭૦૦થી વધુ શાળાઓને આવરી લેવામાં આવી છે. આ કચેરીનું કામકાજ સુચારુ રૂપે ચાલે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા હાલ ૫ જેટલા આસિસ્ટન્ટ એજ્યુકેશન ઇન્સ્પેક્ટર (અઊઈ) અને ૬ જેટલા કલાર્કોની વિધિવત નિમણૂક પણ કરી દેવામાં આવી છે. જ્યારે એજ્યુકેશન ઇન્સપેક્ટર (ઊઈ) ની ખાલી જગ્યાઓ પર આગામી દિવસોમાં અધિકારીઓની નિમણૂક કરવામાં આવશે તેમ જણાવાઈ રહ્યું છે.

જોકે, આ તમામ સુધારા અને નવી નિમણૂકો વચ્ચે સૌથી મોટો અને મહત્વનો પ્રશ્ન એ ઊભો થયો છે કે કચેરીઓ અલગ થયાના લાંબા સમય પછી પણ 'રાજકોટ શહેર શિક્ષણાધિકારી'ની કાયમી જગ્યા શા માટે ભરવામાં આવી નથી? સરકારના આ અધૂરા આયોજનના કારણે હાલમાં રાજકોટ શહેર અને જિલ્લા બંને કચેરીઓનો ચાર્જ એકમાત્ર અધિકારી દીક્ષિત પટેલ જ સંભાળી રહ્યા છે.

શાળા સંચાલકો અને શિક્ષણવિદો આશા રાખીને બેઠા હતા કે કચેરીઓ અલગ થવાથી શાળાઓના ઇન્સ્પેક્શન, પડતર પ્રશ્નોના નિકાલ અને શૈક્ષણિક ગેરરીતિઓ પર કડક દેખરેખ જેવી કામગીરી વધુ ઝડપી અને પારદર્શક બનશે. પરંતુ, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શહેર માટે અલગ પૂર્ણકાલીન ડીઈઓ આપવાને બદલે માત્ર એક જ અધિકારીથી કામ ચલાવવામાં આવી રહ્યું હોવાથી આ આખો મુદ્દો હજુ પણ અધ્ધરતાલ લટકી રહ્યો છે. હવે જોવાનું એ રહેશે કે શિક્ષણ વિભાગ ક્યારે રાજકોટને સ્વતંત્ર શહેર શિક્ષણાધિકારી આપે છે કે પછી આ વ્યવસ્થા માત્ર 'બોર્ડ બદલવા' પૂરતી જ મર્યાદિત રહી જશે.



કચેરીઓ અલગ કરવાના મુખ્ય કારણો

રાજકોટ શહેર અને જિલ્લામાં ૧૫૦૦થી વધુ શાળાઓ ધમધમે છે. એક જ કચેરી માટે આટલી વિશાળ સંખ્યામાં શાળાઓ પર નજર રાખવી વહીવટી રીતે અશક્ય બનતું હતું. પ્રાઇવેટ શાળાઓની મનમાની, ફી નિયમન , ફાયર સેફ્ટી અને એડમિશનના પ્રશ્નો વધુ હોય છે. શિક્ષકોની અછત, ભૌતિક સુવિધાઓ, ડ્રોપ-આઉટ રેટ અને સરકારી ગ્રાન્ટના પ્રશ્નો મુખ્ય હોય છે.

નિર્ણયથી શું ફરક પડશે?

શિક્ષકોના પેન્શન, રજાઓ, બદલી કે શાળાની માન્યતાને લગતી ફાઇલોનો નિકાલ હવે ઝડપથી આવશે. નવા ૫ આસિસ્ટન્ટ એજ્યુકેશન ઇન્સ્પેક્ટર અને સ્ટાફની નિમણૂકથી શાળાઓનું અચાનક ચેકિંગ (ઇન્સ્પેક્શન) વધશે. ગ્રામ્ય વિસ્તારની ૭૦૦થી વધુ શાળાઓ પર સીધી દેખરેખ રાખી શકાશે, જેથી ગ્રામીણ શિક્ષણનું સ્તર સુધરશે. ખાનગી શાળાઓ સામે વાલીઓની ફરિયાદોનો સ્થાનિક કચેરીમાંથી ઝડપી નિકાલ શક્ય બનશે.

વર્તમાન પરિસ્થિતિ-વાસ્તવિક પડકાર

કચેરીઓ કાગળ પર અલગ થઈ ગઈ પણ રાજકોટ શહેર માટે હજુ સુધી કાયમી સ્વતંત્ર ઉઊઘ મળ્યા નથી.હાલ શહેર અને જિલ્લા બંનેનો પ્રભારી ચાર્જ એક જ અધિકારી દીક્ષિત પટેલ સંભાળી રહ્યા છે. જ્યાં સુધી શહેર માટે પૂર્ણકાલીન શિક્ષણાધિકારીની નિમણૂક નહીં થાય, ત્યાં સુધી આ તમામ સુધારાનો વાસ્તવિક ફાયદો શાળાઓ કે વાલીઓને પૂરેપૂરો મળી શકશે નહીં.

રાજકોટના રાજકારણમાં ગરમાવો

થોરીયાળી-ખોડાપીપર બેઠક પર કોંગ્રેસનો ભવ્ય વિજય

ભાજપના દિગ્ગજોની રણનીતિ ધોવાઈ : મોટા ગજાના નેતાઓની ફોજ મેદાને ઉતરવા છતાં ભાજપ કારમી હારનો સામનો કરવા મજબૂર

રાજકોટ, તા. ૧૩

રાજકોટ જિલ્લાના રાજકારણમાં ભારે ચર્ચાસ્પદ બનેલી પડધરી વિસ્તારની થોરીયાળી-ખોડાપીપર બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર લક્ષ્મણભાઈ શિંગાળાએ શાનદાર વિજય પ્રાપ્ત કરીને પોતાનો ગઢ અકબંધ રાખ્યો છે. વર્ષોથી આ બેઠક પર કોંગ્રેસે પોતાનો કબજો જાળવી રાખ્યો છે અને આ પેટાચૂંટણીના પરિણામે પણ સાબિત કરી દીધું છે કે સ્થાનિક લેવલે પંજાનો દબદબો આજે પણ પહેલા જેવો જ કાયમ છે. ચૂંટણી પરિણામો સામે આવતાની સાથે જ કોંગ્રેસના કાર્યકરોમાં ભારે ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો, તો બીજી તરફ પડધરી વિસ્તારના ખેડૂતોએ આ પરિણામને પોતાના હક અને લડાઈની વિજયગાથા ગણાવીને એવો સુર વ્યક્ત કર્યો હતો કે આ જીત માત્ર કોઈ એક પક્ષની નહીં પરંતુ સમગ્ર ખેડૂતોની જીત છે.

આ પેટાચૂંટણી ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બની ગઈ હતી, જેને જીતવા માટે ભારતીય જનતા પાર્ટીએ એડીચોટીનું જોર લગાવ્યું હતું. ભાજપના



વર્તમાન ધારાસભ્યો અને પક્ષના ટોચના અગ્રણીઓથી લઈને અનેક મોટા નેતાઓ પ્રચારના મેદાનમાં ખુદ ઉતર્યા હતા અને આ બેઠક આંચકી લેવા માટે ગામડે-ગામડે ધમાકેદાર પ્રચાર કર્યો હતો. સત્તાધારી પક્ષના મોટા નેતાઓની આખી ફોજ મેદાને હોવા છતાં, જમીની સ્તરે ખેડૂતો અને સ્થાનિક મતદારોના મિજાજ સામે ભાજપના દિગ્ગજોની તમામ રણનીતિઓ સાવ નિષ્ફળ સાબિત થઈ હતી. બીજી બાજુ કોંગ્રેસ પક્ષે પણ જમીની પકડ મજબૂત રાખીને પ્રચાર કાર્ય સંભાળ્યું હતું. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય લલિત કગથરા તેમજ પક્ષના અન્ય તમામ અગ્રણીઓએ સ્થાનિક કાર્યકરોને સાથે રાખીને ઘરે-ઘરે લોકસંપર્ક કર્યો હતો.

સાથોસાથ પીઢ કોંગ્રેસી આગેવાન ડોક્ટર ડાયાભાઈ પટેલના ગામમાં પણ કોંગ્રેસનો આંતરિક દબદબો સંપૂર્ણપણે યથાવત રહ્યો હતો, જેણે કોંગ્રેસના ઉમેદવારની જીતના પાયાને વધુ મજબૂત બનાવવાનું કામ કર્યું હતું.

ભાજપના મોટા નેતાઓ અને સત્તાના જોરે કરવામાં આવેલા આક્રમક પ્રચાર છતાં કોંગ્રેસે પોતાનો આ ગઢ જાળવી રાખીને વિરોધીઓને સ્પષ્ટ સંદેશ આપી દીધો છે. પડધરી પંથકના ખેડૂતોના સમર્થન અને સ્થાનિક લોકોના ભરોસાને કારણે જ કોંગ્રેસે આ બેઠક પર ફરી એકવાર પોતાનો વિજયધ્વજ લહેરાવ્યો છે. ભાજપના દિગ્ગજોની હાજરી વચ્ચે પણ મેળવેલો આ ભવ્ય વિજય ભવિષ્યના રાજકીય સમીકરણો માટે એક મોટો સંકેત પૂરો પાડે છે.

રાજકોટ સંતોષીનગરમાં પુરવઠા વિભાગનો દરોડો

૨૦૮ ગેસ સિલિન્ડર અને બે વાહનો સહિત ૪.૭૩ લાખનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ, તા. ૧૩

આગામી દિવસોમાં આવી રહેલા મુખ્ય તહેવારોને ધ્યાનમાં રાખીને રાજકોટ જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા કાળુ બજાર અને ગેરરીતિઓ આચરનારા તત્વો સામે કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે આજે રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં આવેલા સંતોષીનગરમાં ગેસ સિલિન્ડરના એક ગેરકાયદે ગોડાઉન પર દરોડો પાડીને મોટા પ્રમાણમાં ગેરકાયદેસર પ્રવૃત્તિનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. સ્થળ પરથી ગેસ રિફિલિંગના કૌભાંડની શંકાના આધારે કુલ રૂ. ૪,૭૩,૪૪૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ અંગેની વિસ્તૃત વિગતો આપતાં જિલ્લા પુરવઠા અધિકારી અજય ઝાપડાએ જણાવ્યું હતું કે, સંતોષીનગર વિસ્તારમાં અમૃત પ્લસ પાર્ટી પ્લોટની સામે આવેલા એક ગોડાઉનમાં ગેસ સિલિન્ડરનો ગેરકાયદે સંગ્રહ અને રિફિલિંગ થતું હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે મામલતદાર (પૂર્વ), રાજકોટ શહેર તેમજ જિલ્લા પુરવઠા અધિકારીની કચેરીના પુરવઠા નિરીક્ષકોની સંયુક્ત ટીમે સ્થળ પર પહોંચીને સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું.



તપાસ દરમિયાન ગોડાઉનમાં વ્યાપક પ્રમાણમાં ગંભીર નિષ્કાળજી અને કાયદાકીય ઉલ્લંઘન જોવા મળ્યું હતું. ગેસ જેવા અત્યંત જ્વલનશીલ પદાર્થનો સંગ્રહ કરવા માટે જરૂરી એવું એક્સપ્લોઝિવ લાઇસન્સ કે ફાયર સેફ્ટી અંગેનું એન. ઓ.સી. (NOC) ગોડાઉન સંચાલકો દ્વારા રજૂ કરવામાં આવ્યું ન હતું. આ ઉપરાંત, ગોડાઉનમાંથી મોટા સિલિન્ડરમાંથી નાના બાટલામાં કે ગેરકાયદેસર રીતે ગેસ ટ્રાન્સફર કરવા માટે વપરાતા પાઇપ અને વાલ્વ જેવા સાધનો પણ મળી આવ્યા હતા, જે સ્પષ્ટ કરે છે કે અહીં ગેરકાયદે ગેસ રિફિલિંગનું જાળું ચાલી રહ્યું હતું. તપાસ ટીમ દ્વારા જ્યારે સ્ટોક રજિસ્ટર, વિતરણ સંબંધિત ચોપડા કે ખરીદીના અધિકૃત બિલો માંગવામાં આવ્યા ત્યારે સંચાલકો કોઈ પણ પ્રકારના દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આ સાથે જ, ગોડાઉનમાં આગ સામે સુરક્ષા માટેની પ્રાથમિક વ્યવસ્થાનો પણ સદંતર અભાવ જણાયો હતો. આ તમામ ગંભીર ગેરરીતિઓને પગલે પુરવઠા તંત્ર દ્વારા સ્થળ પરથી ભરેલા તેમજ ખાલી મળીને કુલ ૨૦૮ ગેસ સિલિન્ડર જેની અંદાજિત કિંમત રૂ. ૩,૧૩,૪૪૦ થાય છે જેને જપ્ત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગેસ સિલિન્ડરની હેરફેર માટે ઉપયોગમાં લેવાતા બે વાહનો અંદાજિત કિંમત રૂ. ૧,૬૦,૦૦૦ પણ કબ્જે કરવામાં આવ્યા હતા. આમ, તંત્ર દ્વારા કુલ રૂ. ૪,૭૩,૪૪૦નો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે.

આ સમગ્ર મામલે જવાબદારો સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫, ગેસ સિલિન્ડર રૂલ્સ, ૨૦૧૬ તેમજ પ્રવાહી પેટ્રોલિયમ ગેસ પુરવઠા અને વિતરણનું નિયમન હુકમ, ૨૦૦૦ની વિવિધ જોગવાઈઓ અને કાયદાકીય કલમો હેઠળ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તહેવારોના દિવસો નજીક આવતાં જ પુરવઠા વિભાગના આકરા વલણથી ગેસનું ગેરકાયદેસર કાળું બજાર અને રિફિલિંગનો કારોબાર કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

વર્ષોથી જમાવટો કરીને બેઠેલા અરાજકતાના સામ્રાજ્ય પર આખરે પોલીસ તંત્રએ કાયદાનો ચાબુક વિંઝ્યો


માધાપરથી ગોંડલ ચોકડી સુધીનો સર્વિસ રોડ નો-પાર્કિંગ ઝોન

૧૫૦ ફૂટ રીંગ રોડ પર દબાણકારો સામે ટ્રાફિક પોલીસનું એક્શન : જાહેરનામાના ભંગ બદલ કડક દંડાત્મક કાર્યવાહીની ચેતવણી

રાજકોટ, તા. ૧૩

રાજકોટ શહેરની આર્થિક, વેપારી અને વાહનવ્યવહારની મુખ્ય નસ સમાન ૧૫૦ ફૂટ રીંગ રોડ પર વર્ષોથી જમાવટો કરીને બેઠેલા અરાજકતાના સામ્રાજ્ય પર આખરે પોલીસ તંત્રએ કાયદાનો ચાબુક વિંઝવાની શરૂઆત કરી છે. માધાપર ચોકડીથી લઈને ગોંડલ ચોકડી સુધીના સમગ્ર સર્વિસ રોડને અધિકૃત રીતે 'નો-પાર્કિંગ ઝોન' જાહેર કરી દેવામાં આવ્યો છે. શહેર પોલીસ કમિશનરના સ્પષ્ટ અને કડક આદેશો બાદ ટ્રાફિક ડીસીપીએ જાતે મેદાને ઉતરીને સમગ્ર રીંગ રોડની સ્થિતિનું સ્થળ તપાસ હાથ ધરી હતી. આ વિઝિટ દરમિયાન રોડની બંને તરફ સર્વિસ રોડ પર જ વાહનો ખડકી દેવાની માનસિકતાથી સામાન્ય વાહનચાલકો અને રાહદારીઓ કઈ હદે ત્રાસી ગયા છે તેનો તાદ્રશ ચિતાર સામે આવ્યો હતો, જેના પગલે હવે ટ્રાફિક શાખા દ્વારા આડેધડ પાર્કિંગ કરનારાઓ સામે આક્રમક ઝુંબેશ ચલાવવાનો નિર્ણય લેવાયો છે.

વાસ્તવિકતા એ છે કે ૧૫૦ ફૂટ રીંગ રોડનું નિર્માણ થયું ત્યારથી જ આ માર્ગ પર આડેધડ પાર્કિંગ અને ગેરકાયદે દબાણોનો સિલસિલો એક નાસૂર બનીને ઉભરી આવ્યો છે. રૈયા ચોકડી, નાણાવટી ચોક, બાલાજી હોલ, મવડી ચોકડી અને ગોવર્ધન ચોક જેવા અત્યંત ધમધમતા અને વ્યસ્ત જંક્શનો પર ટ્રાફિકનો ગૂંચવાડો રોજિંદી બાબત બની ગઈ છે. અહીંના સ્થાનિક વેપારીઓ, મોટા શોરૂમના સંચાલકો અને ખાસ કરીને સેકન્ડ હેન્ડ કારના ડેલાવાળાઓની દાદાગીરી એવી વધી ગઈ છે કે તેમણે જાહેર મિલકતો પર કબજો જમાવી લીધો છે. શહેરીજનોના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે બનાવવામાં આવેલા સુંદર વોકિંગ ટ્રેક, સાયકલ ટ્રેક અને સર્વિસ રોડ પર કારના ડેલાવાળાઓ



પોતાના વેચાણ અર્થે રાખેલા વાહનો કાયમી ધોરણે ખડકી દે છે. જેને કારણે આખા રસ્તાની પહોળાઈ અડધી થઈ જાય છે અને દરરોજ હજારો વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવે છે.

પોલીસ તંત્ર દ્વારા જાહેરનામું બહાર પાડ્યા બાદ ટ્રાફિક એસીપીએ પણ આ મુદ્દે કડક વલણ અપનાવતા ચેતવણી આપી છે કે હવે માત્ર અપીલ કે સૂચનાઓનો સમય પૂરો થઈ ગયો છે. જાહેરનામાનો સરેઆમ ભંગ કરનારા ખાનગી વાહનચાલકો, શોરૂમ માલિકો કે વેપારીઓ સામે આકરી દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર પડ્યે વાહનો ટો કરીને કાયદાકીય પાઠ ભણાવવામાં આવશે. પોલીસે વાહનચાલકોને પણ જવાબદાર નાગરિક તરીકે સહયોગ આપવા અને સર્વિસ રોડ પર વાહનો પાર્ક ન કરવા ભારપૂર્વક વિનંતી કરી છે.

લાંબા સમયથી દબાણો અને આડેધડ પાર્કિંગના ત્રાસથી ઝૂરી રહેલા રાજકોટવાસીઓ માટે આ નિર્ણય આશાનું કિરણ લઈને આવ્યો છે, પરંતુ આ કાર્યવાહી માત્ર કાગળ પર કે થોડા દિવસોના દેખાડા પૂરતી સીમિત ન રહેતા કાયમી ધોરણે રસ્તાઓ ખુલ્લા થાય તે અત્યંત જરૂરી બન્યું છે.૧૫૦ ફૂટ રીંગ રોડ પર સર્વિસ રોડ, સાયકલ ટ્રેક અને વોકિંગ ટ્રેક પર કાયમી ધોરણે ખડકાઈ જતા વાહનોના કારણે આ આખો માર્ગ અકસ્માત અને ટ્રાફિક જામનો હોટસ્પોટ બની ગયો હતો. રૈયા ચોકડીથી લઈને ગોવર્ધન ચોક સુધીના વ્યસ્ત વિસ્તારોમાં શોરૂમ ધારકો, વેપારીઓ અને જૂની કારના ડેલાવાળાઓ જાહેર રસ્તાઓ પર જ વાહનો ખડકી દઈને મનમાની કરતા હતા, જેના લીધે રસ્તાની વાસ્તવિક પહોળાઈ અડધી થઈ જતી હતી. પીક અવર્સ દરમિયાન સામાન્ય વાહનચાલકોને કલાકો સુધી ટ્રાફિકમાં ફસાવું પડતું હતું, તો બીજી તરફ ફૂટપાથ રોકાઈ જતાં રાહદારીઓ અને સિનિયર સિટીઝનોને પણ જીવના જોખમે મુખ્ય રોડ પર ચાલવાની નોબત આવતી હતી. વધતા જતા ગંભીર અકસ્માતો અને શહેરીજનોની અસહ્ય પરેશાની અંગે વારંવાર મળતી ફરિયાદોને ધ્યાને રાખીને આખરે ટ્રાફિક પોલીસે અરાજકતા ડામવા અને રસ્તાઓને દબાણમુક્ત કરાવવા માટે આ કડક આદેશ બહાર પાડ્યો છે.